# નિશ્ચય-વ્યવહાર સ્પષ્ટીકરણ

જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં પણ માત્ર શુદ્ધાત્મામાં (દ્રવ્યાત્મામાં = સ્વભાવમાં) જ ‘હું પણું’ (એકત્વ) કરે છે અને તેનો જ અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દ્રષ્ટિ છે. સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી.

લેખક - જયેશ મોહનલાલ શેઠ
(બોરીવલી)

## -: નમસ્કાર સૂત્ર- અર્થ સહિત :-

| | | |
|---|---|---|
| નમો અરિહંતાણં | - | ત્રિકાળવર્તી તીર્થંકર પ્રમુખ અરિહંત ભગવંતોને સમય-સમયની વંદણા હોજો ! |
| નમો સિદ્ધાણં | - | ત્રિકાળવર્તી સિદ્ધ ભગવંતોને સમય-સમયની વંદણા હોજો ! |
| નમો આયરિયાણં | - | ત્રિકાળવર્તી ગણધર પ્રમુખ આચાર્ય ભગવંતોને સમય-સમયની વંદણા હોજો ! |
| નમો ઉવજ્ઝાયાણં | - | ત્રિકાળવર્તી ઉપાધ્યાય ભગવંતોને સમય સમયની વંદણા હોજો ! |
| નમો લોએ સવ્વસાહૂણં | - | ત્રિકાળવર્તી સાધુ ભગવંતોને સમય-સમયની વંદણા હોજો ! |
| એસો પંચ નમ્મોકારો | - | આ પાંચ નમસ્કાર સૂત્ર |
| સવ્વ પાવ પણાસણો | - | સર્વ પાપોનો નાશ કરનારા છે. |
| મંગલાણં ચ સવ્વેસિં | - | સર્વ મંગલોમાં |
| પઢમં હવઈ મંગલં | - | ઉત્કૃષ્ટ મંગલ છે |

## -: પંચ પરમેષ્ઠિ વંદન શ્લોક :-

અર્હન્તો ભગવન્ત ઈન્દ્રમહિતા:, સિદ્ધાશ્ચ સિદ્ધિશ્ચિતા:
આચાર્યા, જિનશાસનોન્નતિકરા:, પૂજ્યા ઉપાધ્યાયકા ।
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકા:
પંચૈતે પરમેષ્ઠિન પ્રતિદિનં:, કુર્વન્તુ નો મંગલમ્ ।।

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | નિશ્ચય વ્યવહારની યથાર્થ સંધિ | ૧ |
| ૨. | સમયસાર પ્રશ્નોત્તરી | ૮ |
| ૩. | સમયસાર વિશે | ૨૫ |


## લેખકની અન્ય કૃતિઓ

સુખી થવાની ચાવી

સમ્યગ્દર્શનની રીત

સત્ય ધર્મ પ્રવેશિકા

આત્માની છ પ્રકૃતિઓ

સમયસારની સમજ


www.jayeshsheth.com ઉપર ઉપલબ્ધ છે.

હાર્ડ કોપી માટે આ નંબર ઉપર વોટ્સએપ કરો – 98924 36799

# પુસ્તક પરિચય

જય જિનેન્દ્ર !

આ પુસ્તકમાં આપેલ સ્પષ્ટીકરણના મુદ્દાઓ, હાલ ચાલી રહેલા વિતંડાવાદ અને એકાંતવાદની ધધકતી અગ્નિમાં દાઝી રહેલા સહૃદય સાધર્મિક ભાઈ-બહેનોને બચાવવાનો, અને સમ્યગ્દર્શન રૂપી શીતળ જળથી તેમના ઉદ્વેગના શમનનો તેમજ તીર્થંકર પરમાત્માએ પ્રણિત કરેલા સત્ય ધર્મના માર્ગને સરળ, સ્પષ્ટ અને સમ્યક્ રીતે રજૂ કરવાના ઉદ્દેશ્યથી લખાયું છે.

અહીંયા અમે પ્રયાસ કર્યો છે કે નિશ્ચય અને વ્યવહાર - બંનેની પરસ્પર યથાર્થ સંધિના સ્વરૂપની યથોચિત અને સમીચીન સમજ તમામ સાધર્મીઓમાં વિકાસ પામે.

આ ત્રણેય સ્પષ્ટીકરણના લેખો એકસાથે કે જુદાં જુદાં પણ વાંચી શકાય એમ છે. આશા છે કે આ વાંચીને વિવેકી પાઠક પોતાનો અભિપ્રાય વધુ સ્પષ્ટ, સરળ અને સાર્થક બનાવી શકશે. આ મહત્વપૂર્ણ મુદ્દાઓને અમે આગમ, યુક્તિ અને આત્માનુભવના આધારે સ્પષ્ટ કર્યા છે.

તમારા જીવનમાં સમ્યગ્દર્શનનો સૂર્યોદય થાય, અને તેના પ્રકાશથી તમને અવ્યાભાધ સુખરૂપ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તી થાય - એજ અમારી અંતરાત્મામાંથી ઉદભવેલી મંગલમય ભાવના છે.

**- જયેશ મોહનલાલ શેઠ**

# ૧. નિશ્ચય વ્યવહારની યથાર્થ સંધિ

૧. આપણે અનાદિથી નિશ્ચય અને વ્યવહારની યથાયોગ્ય સંધિ ન સમજવાના કારણે જ સંસારમાં રઝળી રહ્યા છીએ. વર્તમાનમાં પણ સમાજની પ્રાયઃ આ જ સ્થિતિ દેખાઈ રહી છે.

૨. નિશ્ચય અને વ્યવહારની યથાયોગ્ય સંધિનો અર્થ એમ છે કે આપણે કોઈ પ્રવાસે જવું હોય ત્યારે આપણે ફક્ત નકશો જ નથી જોતા. પરંતુ એકવાર નકશો સમજી લીધા પછી આપણે પ્રવાસ પણ શરૂ કરી દઈએ છીએ. જો પ્રવાસ શરૂ ન કરીએ તો માત્ર નકશો જોવાથી જ ધ્યેય પૂરું નથી થઇ જતું. નકશો એ નિશ્ચય છે અને પ્રવાસ એ વ્યવહાર છે.

૩. નિશ્ચય અને વ્યવહારની યથાયોગ્ય સંધિનો અર્થ એ છે કે બંનેનું યથાયોગ્ય પ્રમાણમાં જ સેવન કરવું જોઈએ. કોઈ પણ એકનું વધારે માત્રામાં સેવન કરવાથી અથવા કોઈ પણ એકનો જ પક્ષ રાખવાથી યથાયોગ્ય સંધિ નહી બની શકે.

૪. નિશ્ચય અને વ્યવહારની યથાયોગ્ય સંધિનો અર્થ એ છે કે જ્યારે આપણે શાક બનાવીયે ત્યારે તેમાં યોગ્ય પ્રમાણમાં જ મીઠું નાખીયે છીએ. જો શાકમાં મીઠું ઓછું હશે તો એ ફીક્કું લાગશે. અને જો મીઠું વધારે હશે તો એ ખાવા લાયક જ નહીં રહે. તેમાં મીઠું એ નિશ્ચય છે અને શાક એ વ્યવહાર છે. એટલે સમજવાનું એ છે કે આપણી સાધનામાં નિશ્ચય અને વ્યવહારનું યોગ્ય સંયોજન આવશ્યક છે.

૫. નિશ્ચય અને વ્યવહારના યોગ્ય સંયોજનમાં નિશ્ચય શાકમાં મીઠાની જેમ યોગ્ય પ્રમાણમાં જ હોવો આવશ્યક છે. અનેક લોકો ફક્ત નિશ્ચયને સાચો માનીને અને વ્યવહારને જુઠ્ઠો માનીને એકલા નિશ્ચયનું જ સેવન કરતા રહે છે. તે આ હુંડા અવસર્પિણી કલિકાળનો જ પ્રભાવ છે કે તેઓ શાક છોડીને

એકલું મીઠું ખાવાની જ પ્રરૂપણા કરે છે. આપણે વિચારી શકીયે છીએ કે તેમના શું હાલ થશે ? આ જ આ કાળની સૌથી વધારે કરુણાજનક સ્થિતિ છે.

૬. વર્તમાનમાં કેટલાક લોકો અધ્યાત્મના નામથી એકલા નિશ્ચયનું જ પ્રતિપાદન કરે છે. આમ કરીને તેઓ અનેકોની જિંદગીઓને બરબાદ કરીને તેઓને અનંતકાળ સુધી સંસારમાં રખડાવવા માટે જવાબદાર બને છે. આ જ આ કાળની સૌથી ભયાનક વિડંબના છે. સૌથી મોટી કરૂણાજનક વાત છે.

૭. પ્રશ્ન - સાધકને સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે નિશ્ચય અને વ્યવહારના યોગ્ય સંયોજનમાં કેટલો નિશ્ચય આવશ્યક છે ?
ઉત્તર - સાધકે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા સમજવી અતિ આવશ્યક છે. એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિથી જ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. એ જ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્તિનો સાચો અને અનુભવસિધ્ધ માપદંડ (કસોટી) છે. એ સમજવું અને આવું લક્ષ બંધાવું અત્યંત આવશ્યક છે.

૮. આ વર્તમાન હુંડા અવસર્પિણી કલિકાળનો જ પ્રભાવ છે કે કેટલાક લોકો નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યાનો જ વિરોધ કરે છે અને પોતાના જ મોક્ષમાર્ગના પ્રવેશમાં બાધક બને છે. તેઓ જીવનભર ચારિત્રની આરાધના કરીને પણ મોક્ષમાર્ગથી વંચિત જ રહી જાય છે. આ જ વર્તમાન કાળની સૌથી ભયાનક વિડંબના છે. સોથી વધારે કરૂણાજનક વાત છે.

૯. પ્રશ્ન - સાધકને સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે આત્માના સ્વરૂપની કેટલી જાણકારી આવશ્યક છે ?
ઉત્તર - સાધકને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા સમજાય એટલી જ આત્માના સ્વરૂપની જાણકારી હોવી આવશ્યક છે. ખરેખર તો આત્મામાં સમ્યગ્દર્શન માટેની આવશ્યક યોગ્યતા હોય તો જ પોતાના શુદ્ધાત્માની અનુભૂતિ થવાથી નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય

છે. અને ત્યારે તેને સ્વભાવનો આંશિક અનુભવ પણ થાય છે, એ સમજવું અતિ આવશ્યક છે.

૧૦. પ્રશ્ન - આપ એમ કેમ કહો છો કે નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સાધકને નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા સમજાય એટલી જ આત્માના સ્વરૂપની જાણકારી આવશ્યક છે ?
ઉત્તર - કારણ કે સાધકને નિશ્ચય સમ્યગ્દર્શન, એ માટેની આવશ્યક યોગ્યતાની (પાત્રતાની) પ્રાપ્તિ વગર ક્યારેય થતું નથી. પરંતુ ''હું શુદ્ધાત્મા છું'', ''હું પરમ અકર્તા છું'' વગેરે પ્રકારની સ્વરૂપની જાણકારી વગર પણ થઇ શકે છે. તેથી કહી શકાય કે અધિકારીપણું (પાત્રતા) પામ્યા વગર ક્યારેય નિશ્ચય સમ્યગ્દર્શન થતું નથી-એ નક્કી છે કારણ કે નિશ્ચય સમ્યગ્દર્શન બહિરાત્મભાવમાં ક્યારેય થતું નથી. તેના માટે આત્મસન્મુખતા (પર-વિમુખતા) પામવી પરમ આવશ્યક છે.

૧૧. પ્રશ્ન - આત્મસન્મુખતા પ્રાપ્ત કરવા માટે ''હું શુદ્ધાત્મા છું'', ''હું પરમ અકર્તા છું'' વગેરે પ્રકારની આત્માના સ્વરૂપની જાણકારીની આવશ્યકતા કેમ નથી ?
ઉત્તર - કારણ કે આત્મસન્મુખતા એ પરવિમુખાતાથી આવે છે. અને પરવિમુખતા તો આત્મહિત સર્વોપરિનો ભાવ આત્મસાત્ કરવાથી જ આવે છે. આત્મહિત સર્વોપરિનો ભાવ ત્રાજવું અને કાટલા (વજન) બદલ્યા વગર આવતો નથી. એટલે કે તે ભાવ બાહ્ય જગતના મૂલ્યાંકનના માપદંડ બદલ્યા વગર આવતો નથી. તેના માટે બાર ભાવનાઓનું પ્રયોગાત્મક ચિંતન આવશ્યક છે, નહીં કે આત્માના સ્વરૂપની જાણકારી. કારણ કે આપણે અનેક વાર નવપૂર્વો સુધી અધ્યયન કર્યું છે કે જેમાં સ્વરૂપની જાણકારીનો ભંડાર ભર્યો છે. પરંતુ તેનાથી આપણું કલ્યાણ થયું નથી. ઉલટું તેનાથી પોતે શુદ્ધાત્મા હોવાનો ભ્રમ (નિશ્ચયાભાસ) પણ થઇ શકે છે. તેથી જ હજુ સુધી આપણે સંસારમાં ભટકી રહ્યા છીએ.

૧૨. પ્રશ્ન - અમે તો સાંભળ્યું છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે કલ્પનારૂપે આત્માના સ્વરૂપમાં રમણ કરવાની આવશ્યકતા છે. પરંતુ આપ તેની મનાઈ કેમ કરો છો ?
ઉત્તર - કારણ કે અજ્ઞાની નિયમથી પર્યાયનું જ વેદન કરે છે. તેથી તે જ્યારે પણ આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણ કરવાનો પ્રયાસ કરે છે ત્યારે તે એની કલ્પના (ભ્રમ) પોતાની પર્યાયમાં જ કરે છે. અને પોતાની પર્યાયને જ ત્રિકાળી સ્વરૂપ સમજીને વેદવાનો પ્રયાસ કરે છે. પરંતુ વર્તમાનમાં તેની પર્યાય તો ત્રિકાળી સ્વરૂપ જેવી છે નહીં. તેથી તે ભ્રમવશ પર્યાયમાં જે શુદ્ધ આત્મસ્વરૂપ નથી તેની કલ્પના કરીને તેમાં જ રમણ કરવાનો પ્રયાસ કરે છે કે જે આત્મપ્રાપ્તિમાં (સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં) સહાયભૂત નથી. પરંતુ તે તેને માત્ર ભ્રમમાં જ રાખે છે કે જેને નિશ્ચયાભાસ કહેવાય છે. નિશ્ચયાભાસ તો તેને ભ્રમમાં રાખવાનું જ કામ કરશે કે જે સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં બાધક છે. નિશ્ચયાભાસ તેના સમ્યક્ ? પુરુષાર્થનો જ છેદ ઉડાડી દે છે. નિશ્ચયાભાસની હાજરીમાં પરસન્મુખતા છૂટી શકતી નથી. તેથી અમે સ્વરૂપની કલ્પનામાં રમણ કરવાની મનાઈ કરીયે છીએ.

૧૩. અનેક લોકો એમ વિચારીને કે 'અમારો વ્યવહાર તો બરોબર છે. હવે અમારે ફક્ત નિશ્ચય ગ્રહણ કરવાનું જ બાકી છે'-એકલા નિશ્ચયનું જ ભરપૂર સેવન કરવા લાગે છે. પરંતુ એમને ખબર નથી કે જો આત્માનુભૂતિનું લક્ષ ન હોય તો જે વ્યવહાર છે તે પણ વ્યવહારાભાસ જ કહેવાય છે. જેઓને એકમાત્ર આત્મપ્રાપ્તિનું જ લક્ષ હોય તેમના ત્રાજવા-કાટલા આપોઆપ બદલાઈ જાય છે. ત્રાજવા-કાટલા બદલાવાથી સાધકને બહારનું બધું જ મૂલ્યહીન લાગવા માંડે છે અને તે આપોઆપ જ અત્યંત મૂલ્યવાન એવા પોતાના આત્માની સન્મુખ થવા માંડે છે. આત્મપ્રાપ્તિની આ જ રીત છે. એટલે કે એને માટે નિશ્ચયના અતિરેકની કોઈ આવશ્યકતા નથી. પરંતુ જેણે નિશ્ચયનયને વિપરીત રૂપથી ગ્રહણ કર્યો હોય તેમણે સમ્યક્ નિશ્ચય સમજવો અતિ આવશ્યક છે.

૧૪. સમ્યક્ નિશ્ચય એટલે કે 'નિશ્ચયથી આત્માના સ્વરૂપનું જે વર્ણન છે તે અત્યારે પણ હું પ્રગટ (અનુભવ) કરી શકું છું.' પરંતુ 'અત્યારે હું વર્તમાન દશામાં જ એવો છું'-એમ નહીં. જો પહેલા ધોરણમાં ભણવાવાળો વિદ્યાર્થી પોતાને ડોક્ટર માનવા લાગે તો પછી તે આગળ ભણશે જ શું કામ ? તે કાં તો ભણવાનું જ છોડી દેશે અથવા તો ભણવા પ્રત્યે નિરુત્સાહિત જ થઇ જશે. આ જ સ્થિતિ છે નિશ્ચયને ખોટી રીતે સમજવાવાળાની. તેઓ પોતાને શુદ્ધ, અકર્તા, અભોક્તા, ધ્રુવ, જ્ઞાતા-દૃષ્ટા, સાક્ષી, પરમપુરુષ, સિદ્ધસમ, મુક્ત માનવાની વાતો કરે છે. આમ કરીને આવા લોકો નિશ્ચયાભાસી બનીને પોતાની વર્તમાન જિંદગીને બરબાદ કરીને પોતાને અનંત કાળ સુધી સંસારમાં રખડાવવા માટે પોતે જ જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૫. અનેક શાસ્ત્રોમાં જે નિશ્ચયનયનો વિસ્તાર છે, તે ખરેખર જ્ઞાનીના કલ્લોલ (આનંદ) માટે છે. જ્ઞાનીને પોતાની અનુભૂતિ તપાસવા માટે અને સિદ્ધસમ આત્મામાં સ્થિત થઇ જવાની પ્રેરણા માટે છે. અનેક અજ્ઞાનીઓ પણ આ વાંચીને જ્ઞાનીની દશા સમજી શકે છે. પરંતુ અમુક અજ્ઞાનીઓ પોતાને વર્તમાન દશામાં જ એવા માનવાની ભૂલ કરી બેસે છે. અને તેઓ એવો જ પ્રચાર કરીને અનેકોની જિંદગીઓને બરબાદ કરીને તેઓને અનંત કાળ માટે સંસારમાં રખડાવવા માટે જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૬. અનેક લોકો નિશ્ચયનયનો જ પ્રચાર - પ્રસાર કરતા જોવા મળે છે. કારણ કે તેઓને તેના નુકસાનની ખબર જ નથી. તેઓ પોતે પણ અજ્ઞાનને કારણે આ વાત જાણતા નથી. તેથી જ જાણતા-અજાણતા જ તેઓ પોતાના અને બીજા અનેકોના અનંત કાળના પતન માટે જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૭. અનેક લોકો નયના અજ્ઞાનને કારણે નિશ્ચયનયથી પોતાને વર્તમાન દશામાં જ શુદ્ધ માનીને પોતાના રાગ-દ્વેષ માટે પણ પોતાને જવાબદાર ન માનીને કર્મોને જ રાગ-દ્વેષ માટે જવાબદાર માને છે અને પોતે તો સ્વચ્છંદતાથી જ જીવે છે. આવી ખોટી પ્રરૂપણાથી તેઓ પોતાના અને બીજા અનેકોના અનંત કાળના પતન માટે જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૮. શુદ્ધ નિશ્ચયનયથી જીવ ભગવાન જેવો જ છે. પરંતુ જો આપણે આત્યારે વર્તમાન દશામાં (પર્યાયમાં) જ ભ્રમથી પોતાને ભગવાન માનવા લાગીએ તો એ પહેલા ધોરણના વિદ્યાર્થી દ્વારા પોતાને ડોક્ટર માનવા જેવું જ ન થયું ? આ વાત સમજણમાં ન આવવાથી આ ગેરસમજ ફેલાઈ રહી છે. ભ્રમિત અજ્ઞાનીઓની આવી ખોટી પ્રરૂપણાથી તેઓ પોતાના અને બીજા અનેકોના અનંત કાળના પતન માટે જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૯. શુદ્ધ નિશ્ચયનય ભગવાનનું સ્વરૂપ બતાવવા માટે છે. તથા આપણે પણ અત્યારે જ તેનો અનુભવ કરી શકીએ છીએ અને ભવિષ્યમાં ભગવાન બની શકીયે છીએ-એ નક્કી થાય છે, આપણામાં પણ ભગવાન બનવાની શક્યતા રહેલી છે-એ નક્કી થાય છે. તેનું ધ્યેય અજ્ઞાનીને પ્રોત્સાહિત કરવા, તેનું લક્ષ્ય નક્કી કરાવવા તથા જ્ઞાનીને તેનો વારંવાર અનુભવ કરાવવા માટે જ છે.

૨૦. અનેક લોકો કહે છે કે ''હું શુદ્ધાત્મા છું'', ''હું પરમ અકર્તા છું'', વગેરે પ્રકારની સ્વરૂપની જાણકારી ઘૂંટવાથી (વારંવાર પાકી કરવાથી) એટલે કે તેનું વારંવાર ચિંતન-મનન કરવાથી આપણને તેની પ્રાપ્તિ થઇ શકે છે અથવા તો તેની પ્રાપ્તિ સહેલી (સરળ) બની જાય છે. પરંતુ અમે કહીયે છીએ કે સ્વરૂપનું ચિંતન-મનન કરો યા ન કરો પરંતુ તમે સમ્યગ્દર્શન માટેની આવશ્યક યોગ્યતા પ્રાપ્ત કરી લો તો તમારા માટે સ્વરૂપની

અનુભૂતિ કરવી સરળ થઇ જાય છે. સ્વરૂપના વધારે પડતા ચિંતન-મનનથી તો ક્યારેક ભ્રમ એટલે કે નિશ્ચયાભાસ થવાનો પણ ભય રહે છે.

૨૧. અનેક લોકો અમને પૂછે છે કે વર્તમાનમાં પણ સ્વરૂપથી તો હું શુદ્ધ જ છું ને ? ત્યારે અમે તેમને કહીયે છીએ કે 'સ્વરૂપથી તો તમે ત્રિકાળ શુદ્ધ જ છો' તેમને લાગે છે કે અમે એમની માન્યતાનું જ સમર્થન કરી રહ્યા છીએ. કારણ કે તેઓ અમારા કહેવાનો ગૂઢાર્થ સમજી શકતા નથી. જ્યારે અમે કહીયે છીએ કે 'સ્વરૂપથી તો તમામ જીવો ત્રિકાળ શુદ્ધ જ છે' ત્યારે અમે ત્રિકાળી ધ્રુવની (શુદ્ધ નિશ્ચયનયની) વાત કરીએ છીએ એટલે કે શુદ્ધ દ્રવ્યની વાત કરીયે છીએ. જેને તેઓ ભ્રમથી (કલ્પનાથી-નયાભાસથી) પોતાની વર્તમાન સ્થિતિ માની લે છે, તેને પર્યાયમાં ઘટાવે છે. કારણ કે તેમને ત્રિકાળી ધ્રુવનો તો અનુભવ જ નથી. તેથી તેઓ આ વાતને વર્તમાનમાં ઘટાવીને એવું પોતાની પર્યાયમાં જ ભ્રમથી (કલ્પનાથી) માનવા લાગે છે. પોતાને વર્તમાનમાં જ શુદ્ધ માનવા લાગી જાય છે, જે બહુ જ મોટી ભૂલ છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

# ૨. સમયસાર પ્રશ્નોત્તરી

૧. **પ્રશ્ન:** જો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી તો પછી દ્રવ્યકર્મને જીવના ભાવકર્મનું નિમિત્ત કેમ કહેવાય છે ?

**ઉત્તર:** જે પણ દ્રવ્યકર્મ છે તે જીવના ભૂતકાળના ભાવોના નિમિત્તથી જ બંધાયા છે. અર્થાત્ તે જીવના ભૂતકાળના ભાવોના જ પ્રતિનિધિ છે, પ્રતિબિંબ છે. તેથી નિશ્ચયથી તો જીવના ભૂતકાળના ભાવો જ જીવના વર્તમાન ભાવોના નિમિત્ત છે પરંતુ વ્યવહારથી જીવના ભૂતકાળના ભાવોના જ પ્રતિબિંબસ્વરૂપ દ્રવ્યકર્મોને પણ નિમિત્ત કહેવાય છે અથવા કહી શકાય છે. અહીં વ્યવહાર એટલે અસત્ય (ઉપચાર) નથી સમજવાનું, પરંતુ અહીં બે દ્રવ્યો ભિન્ન હોવાથી તેમના ભિન્નત્વને દર્શાવવા માટે જ તેને વ્યવહાર કહ્યો છે. એ સમજાય છે કે જીવના ભાવો, કર્મોના નિમિત્તથી જ ઉત્પન્ન થાય છે. તેથી જ જીવના ભાવોને ભાવકર્મ કહેવાય છે. તે જ ભાવકર્મ નવા કર્મોના બંધમાં પણ નિમિત્ત બને છે. તે કારણથી પણ તેમને ભાવકર્મ કહેવાય છે. એટલે જે લોકો નિશ્ચય વ્યવહારની યોગ્ય સંધિને સમજતા નથી તેવા લોકો એને આ બેમાંથી કોઈ એકથી જ એકાંતરૂપે પ્રરૂપિત કરે છે.

૨. **પ્રશ્ન:** જો આપણે એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ માનીએ તો એ બંને દ્રવ્યોમાં નિત્ય કર્તૃત્વનો પ્રસંગ નહીં બને ?

**ઉત્તર:** બે દ્રવ્યોમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી એ નૈમિત્તિક દ્રવ્યનું ઉપાદાન નિમિત્તને અનુકૂળ હોય છે. જ્યારે એ નૈમિત્તિક દ્રવ્યનું ઉપાદાન નિમિત્તને અનુકૂળ નથી રહેતું ત્યારે એમની વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી રહેતો. તેથી એ બંને દ્રવ્યોમાં નિત્ય કર્તૃત્વનો પ્રસંગ પણ નહીં બને. જેમ કે જીવ રાગના નિમિત્તથી રાગી બને છે એટલે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. પરંતુ જ્યારે કોઈ જીવ સાધનામગ્ન

થઇને ગુણસ્થાનક આરોહણ કરતો કરતો દસમા ગુણસ્થાનકથી ઉપર ચઢી જાય છે ત્યારે એ રાગના નિમિત્તોની સાથે એ જીવનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહેતો જ નથી. તેથી આપણે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી ડર્યા વગર ખોટા નિમિત્તોથી બચતા રહીને આપણી સમ્યક્ સાધના ઉપર ધ્યાન આપવું જોઈએ.

૩. **પ્રશ્ન:** જ્ઞેયમાં છુપાયેલી જ્ઞાનજ્યોતિથી ભેદજ્ઞાન કરીને તેનો અનુભવ કેવી રીતે કરી શકાય છે ?

**ઉત્તર:** એક વાત સર્વવિદિત છે કે જે પરજ્ઞેય છે તે જીવથી ભિન્ન દ્રવ્ય છે. પરંતુ જે પરજ્ઞેય જીવના લક્ષણરૂપ જ્ઞાનનું જ્ઞેય બને છે, જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે અથવા બીજા શબ્દોમાં કહીયે તો જ્યારે જીવ પરને જાણે છે ત્યારે એ પરજ્ઞેય જીવના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે અને તે પરજ્ઞેયનું પ્રતિબિંબ જીવના પોતાના જ્ઞાનાકારરૂપ હોય છે. જીવ તે સ્વજ્ઞાનના આકારને જ જાણે છે. તેથી જીવ જેવો તે સ્વજ્ઞાનના આકારને ગૌણ કરે છે, એટલે કે તેમાંથી પોતાનું લક્ષ હટાવીને આત્માની અન્ય યોગ્યતાઓ સહિત સ્વજ્ઞાન સાથે અહંભાવ-એકત્વ સ્થાપિત કરે છે ત્યારે તેને જ્ઞાનજ્યોતિનો એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. આ જ આત્મજ્ઞાન છે, આ જ સમ્યગ્દર્શન છે, આ જ સમકિત છે, આ જ સાક્ષાત્કાર છે.

૪. **પ્રશ્ન:** નવ તત્ત્વોમાં છુપાયેલ જ્ઞાનજ્યોતિથી ભેદજ્ઞાન કરીને તેનો અનુભવ કઈ રીતે કરી શકાય ?

**ઉત્તર:** જીવ, અજીવ (કર્મ-નોકર્માદિ), આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વોને ગૌણ કરતા જ એટલે કે તેમાંથી પોતાનું લક્ષ્ય હટાવીને આત્માની અન્ય યોગ્યતાઓ સહિત જ્ઞાનમાં અહંભાવ-એકત્વ સ્થાપિત થતા જ જાણવા-જોવાવાળો આત્મા એટલે કે જ્ઞાનની જ્યોતિ એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. આ જ આત્મજ્ઞાન છે, આ જ સમ્યગ્દર્શન છે, આ જ સમકિત છે, આ જ સાક્ષાત્કાર છે.

૫. **પ્રશ્ન:** નવ તત્ત્વોમાં આત્માને આસ્રવ-બંધ જણાવ્યા છે. પરંતુ કેટલાક લોકો એવું પણ કહે છે કે આત્મામાં આસ્રવ-બંધ છે જ નહીં, તો સત્ય શું છે ?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ યોગ્ય અપેક્ષાને સમજ્યા વગર અમુક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને અમુક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય નયોનું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. અનેકાંતથી આપણે એ સમજવાનું છે કે જો સંસારી આત્મામાં આસ્ત્રવ-બંધ ન હોત તો તે આત્મા સંસારમાં કેમ ભટકત ? તેથી સંસારી આત્માને ખાણમાંથી નીકળેલા માટીયુક્ત સોના જેવો સમજવાનો છે, નહીં કે ચોવીસ કેરેટવાળા શુદ્ધ સોના જેવો. હા, તેને શુદ્ધ નિશ્ચય નયથી શુદ્ધ સોના જેવો આસ્ત્રવ-બંધરહિત આત્મા પણ કહી શકાય છે. પરંતુ એકાંતથી આત્માને વિષે એવું ન તો કહી શકાય અને ન તો માની પણ શકાય. કારણ કે સંસારી આત્મામાં આસ્ત્રવ-બંધ વિદ્યમાન છે. તેથી જ તો એ સંસારચક્રથી મુક્ત થયો નથી. અન્યથા તો એ મુક્તાત્મા જ હોત. તેથી આપણે તેને યથાયોગ્ય નયથી આસ્રવ-બંધરહિત હોવું કે ન હોવું સમજવું જોઈએ અને આપણે આપણો પૂરો પુરુષાર્થ મુક્તિ હેતુ લગાવવો જોઈએ, નહીં કે એકાંતે પોતાને મુક્ત સમજીને ભ્રમમાં જીવીને સંસારમાં ભટકતા રહેવું જોઈએ.

૬. **પ્રશ્ન:** આચાર્ય હરિભદ્રસૂરિ રચિત છ પદોમાં આત્માને કર્મોનો કર્તા પણ કહ્યો છે અને ભોક્તા પણ કહ્યો છે. પરંતુ કેટલાક લોકો એવું પણ કહે છે કે આત્મા કર્તા-ભોક્તા છે જ નહીં. આત્મા તો પરમ અકર્તા-અભોક્તા છે. તો સત્ય શું છે ?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર અમુક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને અમુક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય નયોનું

જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. આપણા વિવેકથી (અનેકાંતથી) આપણે એ સમજવાનું છે કે સંસારી આત્મામાં જો કર્તૃત્વ-ભોકતૃત્વ ન હોત તો એ આત્મા સંસારમાં કેમ ભટકત? તેથી સંસારી આત્માને ખાણમાંથી નીકળેલા માટીયુક્ત સોના જેવો સમજવાનો છે, નહીં કે ચોવીસ કેરેટવાળા શુદ્ધ સોના જેવો. હા, તેને શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ સોના જેવો કર્તૃત્વ-ભોકતૃત્વરહિત આત્મા પણ કહી શકાય છે. પરંતુ એકાંતે આત્માને વિશે એવું ન તો કહી શકાય છે કે ન તો માની શકાય છે. કારણ કે સંસારી આત્મામાં કર્તૃત્વ-ભોકતૃત્વ વિદ્યમાન છે. તેથી જ તો એ સંસારચક્રથી મુક્ત થયો નથી, અન્યથા તો એ મુક્તાત્મા જ હોત. તેથી આપણે તેને યથાયોગ્ય નયથી તેનું કર્તૃત્વ-ભોકતૃત્વ રહિત હોવું કે ન હોવું સમજવું જોઈએ અને આપણે આપણો સઘળો પુરુષાર્થ મુક્તિ હેતુ લગાવવો જોઈએ, નહીં કે એકાંતે પોતાને મુક્ત અને અકર્તા સમજીને ભ્રમમાં જીવીને સંસારમાં ભટકતા રહેવું જોઈએ.

૭. **પ્રશ્ન:** કેટલાક લોકો પુણ્ય-પાપને સમાનરૂપે હેય માને છે. તો નવ તત્ત્વોમાં કેટલાક લોકો પુણ્યને ઉપાદેય અને પાપને હેય કેમ માને છે?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે યોગ્ય અપેક્ષાઓને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને કેટલાક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ વિવેકહીન જ્ઞાનને કારણે ફેલાઈ છે. વિવેકથી આપણે એ સમજવું જોઈએ કે પુણ્ય અને પાપ એ બંને આસ્રવ હોવાથી અને આસ્રવ હેય હોવાથી, એ અપેક્ષાએ પુણ્ય અને પાપ બંનેને સમાનરૂપે હેય કહી શકાય છે. પરંતુ શાસ્ત્રોમાં તો એમ પણ લખ્યું છે કે પુણ્યનું ફળ શુભ હોય છે અને પાપનું ફળ અશુભ હોય છે. એ અપેક્ષાથી આપણે પુણ્યને ઉપાદેય અને પાપને હેય કહી શકીએ છીએ. તેથી આપણે યથાયોગ્ય વિવેકાનુસાર એ સમજવું જોઈએ કે સાધનાક્રમમાં પહેલા ક્રમશઃ પાપ છૂટે છે અને જ્યારે આત્મા અયોગી થઇ જાય છે ત્યારે

પુણ્ય પણ છૂટી જાય છે, નહીં કે એકાંતથી પુણ્ય-પાપને સમાનરૂપે હેય સમજીને સંસારમાં ભટકતા રહેવું જોઈએ.

૮. **પ્રશ્ન:** કેટલાક લોકો શુભભાવ અને અશુભભાવને સમાનરૂપથી હેય જણાવે છે. કેટલાક લોકો શુભભાવને ઉપાદેય અને અશુભભાવને હેય જણાવે છે. કારણ કે શુભભાવથી પુણ્ય અને અશુભભાવથી પાપ બંધાય છે. તો સત્ય શું છે ?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને કેટલાક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ વિવેકહીન જ્ઞાનને કારણે ફેલાઈ છે. વિવેકથી આપણે એ સમજવું જોઈએ કે શુભભાવ તથા અશુભભાવ બંને જીવો માટે આસ્રવના કારણ છે અને આસ્રવ હેય હોવાથી બંનેને એ અપેક્ષાએ સમાનરૂપથી હેય કહી શકાય છે. પરંતુ શાસ્ત્રોમાં તો એમ પણ લખ્યું છે કે શુભભાવનું (પુણ્યનું) ફળ શુભ હોય છે અને અશુભભાવનું (પાપનું) ફળ અશુભ હોય છે. એ અપેક્ષાએ આપણે શુભભાવને ઉપાદેય અને અશુભભાવને હેય કહી શકીએ છીએ. તેથી આપણે યથાયોગ્ય વિવેકાનુસાર એ સમજવું જોઈએ કે સાધનાક્રમમાં પહેલા ક્રમશઃ અશુભભાવ છૂટે છે અને જ્યારે આત્મા કેવળજ્ઞાની થઇ જાય છે ત્યારે શુભભાવ પણ છૂટી જાય છે. અપેક્ષાથી શુદ્ધભાવમાં જવા માટે જ શુભભાવને હેય કહેવામાં આવે છે, નહીં કે અશુભભાવમાં રહેવા માટે. તેથી આ રીતે એકાંતે શુભભાવ અને અશુભભાવને સમાનરૂપે હેય માનીને સંસારમાં ભટકવું ન જોઈએ.

૯. **પ્રશ્ન:** કેટલાક લોકો આત્મામાં રાગ-દ્વેષના અસ્તિત્વને જ માનતા નથી. એ કહે છે કે આત્મા ક્યારેય રાગી-દ્વેષી થતો નથી, ક્યારેય રાગ-દ્વેષ કરતો નથી. અને કેટલાક લોકો કહે છે કે આત્મા રાગ-દ્વેષ કરે છે અને તેનાથી તે કર્મબંધ પણ કરે છે. તો સત્ય શું છે ?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને કેટલાક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય નયોનું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. અનેકાંતથી આપણે એ સમજવાનું છે કે સંસારી આત્મામાં જો રાગ-દ્વેષ ન હોત તો તે આત્મા સંસારમાં કેમ ભટકત ? તેથી સંસારી આત્માને ખાણમાંથી નીકળેલા માટીયુક્ત સોના જેવો સમજવાનો છે, નહીં કે ચોવીસ કેરેટવાળા શુદ્ધ સોના જેવો. હા, તેને શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ સોના જેવો રાગ-દ્વેષ રહિત આત્મા કહી શકાય છે. પરંતુ એકાંતથી આત્માને વિષે એવું ન તો કહી શકાય છે કે ન તો માની પણ શકાય છે. કારણ કે સંસારી આત્મામાં રાગ-દ્વેષ વિદ્યમાન છે. તેથી જ તો એ સંસારચક્રથી મુક્ત થયો નથી, અન્યથા તો એ મુક્તાત્મા જ હોત. તેથી આપણે તેને યથાયોગ્ય નયથી રાગ-દ્વેષનું હોવું કે ન હોવું સમજવું જોઈએ અને આપણે આપણો સઘળો પુરુષાર્થ રાગ-દ્વેષને ઓછા કરતા જતા મુક્તિ પામવા માટે લગાવવો જોઈએ, નહીં કે એકાંતે પોતાને રાગ-દ્વેષથી મુક્ત સમજીને ભ્રમમાં જીવીને સંસારમાં ભટકતા રહેવું જોઈએ.

૧૦. **પ્રશ્ન:** કેટલાક લોકો આત્મામાં વિકારી પર્યાયના અસ્તિત્વને જ નથી માનતા. તેઓ કહે છે કે આત્મા તે વિકારી પર્યાયોથી પરે (મુક્ત) છે. કેટલાક લોકો કહે છે કે વિકારી પર્યાય આત્મામાં જ થાય છે અને તેના નિમિત્તે જ કર્મબંધ થાય છે. તો સત્ય શું છે ?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને કેટલાક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય વસ્તુવ્યવસ્થા(વસ્તુસ્વરૂપ)નું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. અનેકાંતથી આપણે એ સમજવાનું છે કે સંસારી આત્મામાં જો વિકારી પર્યાય ન હોત તો તે આત્મા સંસારમાં કેમ ભટકત? તેથી સંસારી આત્માને ખાણમાંથી

નીકળેલા માટીયુક્ત સોના જેવો સમજવાનો છે, નહીં કે ચોવીસ કેરેટવાળા શુદ્ધ સોના જેવો. હા, તેને શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ સોના જેવો વિકારી પર્યાય રહિત આત્મા પણ કહી શકાય છે. પરંતુ તેવું એકાંતે ન તો કહી શકાય છે અને ન તો માની શકાય છે. કારણ કે સંસારી આત્મામાં વિકારી પર્યાય વિદ્યમાન છે. તેથી જ તો એ સંસારથી મુક્ત થયો નથી. અન્યથા એ મુક્તાત્મા હોત. તેથી આપણે યથાયોગ્ય નયથી આત્મામાં વિકારી પર્યાયનું હોવું કે ન હોવું સમજવું જોઈએ અને આપણો સઘળો પુરુષાર્થ આત્મપ્રાપ્તિમાં લગાવવો જોઈએ. આત્માની અન્ય યોગ્યતાઓ પ્રાપ્ત કરીને, એ વિકારી પર્યાયોને ગૌણ કરતા જ એટલે કે તેમાંથી આપણું લક્ષ્ય હટીને જ્ઞાનમાં અહં-એકત્વ સ્થાપિત થતા જ જાણવા-જોવાવાળો આત્મા એટલે કે જ્ઞાનની જ્યોતિ-જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. આ જ આત્મજ્ઞાન છે, આ જ સમ્યગ્દર્શન છે, આ જ સમકિત છે, આ જ સાક્ષાત્કાર છે. તેથી એકાંતે પોતાને વિકારી પર્યાયોથી રહિત માનીને ભ્રમમાં જીવીને સંસારમાં ભટકતા રહેવું ન જોઈએ.

૧૧. **પ્રશ્ન:** કેટલાક લોકો પર્યાયને દ્રવ્યથી ભિન્ન માને છે, તેમાં પ્રદેશભેદ પણ માને છે. અન્ય કેટલાક લોકો અનુસ્યુતિથી (સળંગપણે-continuity) રચાયેલ પર્યાયોના સમૂહને જ દ્રવ્ય માને છે. તો સત્ય શું છે ?

**ઉત્તર:** વસ્તુવ્યવસ્થા સમજાવવાવાળા શાસ્ત્રોમાં એ સારી રીતે જણાવ્યું છે કે દ્રવ્યથી પર્યાય અભિન્ન છે. આ વાત અમે અમારા પુસ્તક ‘‘સમ્યગ્દર્શનની રીત’’માં વિસ્તારથી જણાવેલ છે. લોકો તેનું અધ્યયન કરી શકે છે. જે અને જેટલું ક્ષેત્ર દ્રવ્યનું છે તે અને તેટલું જ ક્ષેત્ર પર્યાયનું પણ છે. તેથી આપણે તેમાં ક્ષેત્ર અપેક્ષાથી પ્રદેશભેદ નહીં કહી શકીએ. કેટલાક લોકો તેને સમુદ્ર અને લહેરો(મોજાં)નું ઉદાહરણ આપીને ભિન્ન બતાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેમને એ ખબર હોવી જોઈએ કે લહેરોમાં સમુદ્ર જ વ્યક્ત થાય છે, તે જ પાણી છે અર્થાત્ સમુદ્ર પોતે જ લહેરોના રૂપમાં વ્યક્ત થઇ રહ્યો છે. જેમ

કે સોનુ સ્વયં જ મુગટના રૂપમાં, કડાના રૂપમાં અથવા અન્ય કોઈ પણ ઘરેણાના રૂપમાં વ્યક્ત થઇ રહ્યું છે. ત્યાં સોનુ અને ઘરેણું ભિન્ન નથી, તેમાં કોઈ પણ પ્રદેશભેદ નથી. કારણ કે જેટલું ક્ષેત્ર સોનાનું (દ્રવ્યનું) છે, તે અને તેટલું જ ક્ષેત્ર તેનાથી બનેલા ઘરેણાનું (પર્યાયનું) પણ છે. તેથી અનુસ્યુતિથી (સળંગપણે-continuity) રચાયેલ પર્યાયોના સમૂહને જ દ્રવ્ય માનવું ઉચિત છે. એટલે કે એક જ વસ્તુને જોવાની રીતથી (દૃષ્ટિથી) તે વસ્તુ દ્રવ્ય અથવા પર્યાય જણાય છે. જેમ કે ઘરેણું એ પર્યાય છે અને જો ઘરેણાંને સુવર્ણત્વની દૃષ્ટિથી જોઈએ તો તે જ ઘરેણું સોનું (દ્રવ્ય) છે. તેમાં ક્ષેત્ર અપેક્ષાએ પ્રદેશભેદ માનવો એ બહુ જ મોટી ગેરસમજણ છે કે જેનાથી આપણે બચવું જોઈએ.

૧૨. **પ્રશ્ન:** કેટલાક લોકો દ્રવ્ય-ગુણ-પર્યાયને ત્રણ ભિન્ન સત્ માને છે. તેઓ માને છે કે દ્રવ્યનું જે પ્રતિબિંબ પર્યાયમાં પ્રતિબિંબિત થાય છે, તેને પર્યાય જાણે છે. તેને આત્માનુભૂતિ કહેવાય છે. શું આ સત્ય છે ?

**ઉત્તર:** વસ્તુવ્યવસ્થા સમજાવવાવાળા શાસ્ત્રોમાં એ સારી રીતે જણાવ્યું છે કે દ્રવ્યથી પર્યાય અભિન્ન છે. આ વાત અમે અમારા પુસ્તક ‘‘સમ્યગ્દર્શનની રીત’’માં વિસ્તારથી જણાવેલ છે. લોકો તેનું અધ્યયન કરી શકે છે. જે અને જેટલું ક્ષેત્ર દ્રવ્યનું છે તે અને તેટલું જ ક્ષેત્ર ગુણોનું પણ છે તથા તે અને તેટલું જ ક્ષેત્ર પર્યાયનું પણ છે. તેથી આપણે તેમાં ત્રણ ભિન્ન સત્ ન કહી શકીએ. અપેક્ષાથી તેમાં ભિન્ન સત્ અવશ્ય કહી શકાય છે. પરંતુ વસ્તુતઃ તેઓ એક જ છે, અભિન્ન છે. દ્રવ્યના વર્તમાન રૂપને પર્યાય કહેવાય છે અને દ્રવ્યના અભિન્ન લક્ષણોને (વિશેષતાઓને) ગુણ કહેવાય છે. તેથી અનુસ્યુતિથી (સળંગપણે-continuity) રચાયેલ પર્યાયોના સમૂહને જ દ્રવ્ય માનવું ઉચિત છે અને તે દ્રવ્યના દરેક પ્રદેશમાં તમામ ગુણો વિદ્યમાન છે. એક જ વસ્તુને સમજવા માટે તેના દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદ કરવામાં આવ્યા છે, એ ભેદો વાસ્તવિક નથી. આવા અભેદ આત્માની અનુભૂતિ પણ

અભેદ જ હોય છે. તેથી એવું માનવું કે દ્રવ્યનું જે પ્રતિબિંબ પર્યાયમાં પ્રતિબિંબિત થાય છે, તેને પર્યાય જાણે છે અને તેને આત્માનુભૂતિ કહેવાય છે. એ બહુ જ મોટી ભૂલ છે, આપણે તેનાથી બચવું જોઈએ.

૧૩. **પ્રશ્ન:** કેટલાક લોકો આત્માને વિકારી પર્યાયનો કર્તા નથી માનતા. તેઓ કહે છે કે પર્યાયનું પોતાનું સ્વતંત્ર ષટ્કારકથી સ્વતંત્ર પરિણમન થતું રહે છે. અને કેટલાક લોકો આત્માને વિકારી પર્યાયનો કર્તા માને છે અને તેના નિમિત્તથી જ કર્મબંધ પણ થાય છે એવું માને છે. તો સત્ય શું છે ?

**ઉત્તર:** આ ગેરસમજણ યથાયોગ્ય વસ્તુવ્યવસ્થાનું (વસ્તુસ્વરૂપનું) જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. વસ્તુવ્યવસ્થા સમજાવવાવાળા શાસ્ત્રોમાં એ સારી રીતે જણાવ્યું છે કે દ્રવ્યથી પર્યાય અભિન્ન છે. આ વાત અમે અમારા પુસ્તક ''સમ્યગ્દર્શનની રીત''માં વિસ્તારથી જણાવેલ છે. આપ તેનું અધ્યયન કરી શકો છો. જે અને જેટલું ક્ષેત્ર દ્રવ્યનું છે તે અને તેટલું જ ક્ષેત્ર પર્યાયનું પણ છે. તેથી આપણે તેમાં ક્ષેત્રની અપેક્ષાએ પ્રદેશભેદ નથી કહી શકતા. જ્યારે દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે તો તેમના ષટ્કારક પણ તો અભિન્ન જ બનશે. જ્યાં સુધી આપણે આત્માની અભેદતાને નહીં સમજીએ ત્યાં સુધી આત્માનુભૂતિ અશક્ય જ છે. કારણ કે અભેદ આત્માની જ અનુભૂતિ થાય છે, નહીં કે ભેદરૂપ (દ્રવ્ય- પર્યાય) અથવા અડધા (પર્યાયથી ભિન્ન દ્રવ્યની) આત્માની. અનુભૂતિના સમયે પર્યાય ગૌણ થઇને દ્રવ્યમાં જ અંતર્ગર્ભિત થઇ જાય છે. આ રીતે જ દ્રવ્ય-પર્યાયમય આત્મા અભેદ થઇ જાય છે, નહીં કે પર્યાયથી રહિત દ્રવ્યની અનુભૂતિ કે જે આકાશના ફૂલની જેમ અસંભવ જ છે. વાસ્તવમાં આત્મા જ કર્મોના નિમિત્તથી એ વિકારી પર્યાય રૂપે પરિણમે છે અને તે આત્માના પરિણમનને નિમિત્ત બનાવીને જ નવા કર્મો બંધાય છે. આવી રીતે સંસારી આત્મા જ એ વિકારી પર્યાયરૂપે પરિણમે છે. એટલે જ તે સંસારચક્રથી મુક્ત નથી થયો. અન્યથા એ મુક્તાત્મા હોત. તેથી આપણે યથાયોગ્ય વસ્તુવ્યવસ્થાથી અભેદ આત્માના

ષટ્કારકને અભેદ સમજવા જોઈએ, નહીં કે દ્રવ્ય-પર્યાયમાં પ્રદેશભેદ માનીને બંનેના ષટ્કારકને ભિન્ન સમજવા જોઈએ.

૧૪. **પ્રશ્ન:** શું નિશ્ચયનયથી પણ આત્મા પોતાની વિકારી પર્યાયનો કર્તા-ભોક્તા છે ?

**ઉત્તર:** જી હાઁ, નિશ્ચયનયથી પણ આત્મા પોતાની વિકારી પર્યાયનો કર્તા-ભોક્તા છે. નિશ્ચય અર્થાત્ અભેદ અને વ્યવહાર અર્થાત્ ભેદ. નિશ્ચયનયથી આત્મા પોતાના ભાવોનો કર્તા-ભોક્તા છે, પરભાવોનો નહીં. તેથી તેને પોતાના વિકારી પર્યાયનો પણ કર્તા-ભોક્તા માનવો આવશ્યક છે. અન્યથા એ વિકારી પર્યાયનો કર્તા-ભોક્તા કોઈ બીજા દ્રવ્યને માનવાનો પ્રસંગ આવી જશે. પરંતુ અન્ય દ્રવ્યને વિકારી પર્યાયનો ઉપાદાન સ્વરૂપે કર્તા-ભોક્તા ન માની શકાય. હાઁ, અન્ય દ્રવ્યને નિમિત્ત સ્વરૂપે કર્તા અવશ્ય માની શકાય છે. નિશ્ચયનયથી ઉપાદાન સ્વયં જ પરિણમે છે, સ્વયં જ પોતાના પરિણામોનો કર્તા છે. તેથી સમજાય છે કે નિશ્ચયનયથી આત્મા જ પોતાના વિકારી પર્યાયનો કર્તા-ભોક્તા છે.

૧૫. **પ્રશ્ન:** જ્યારે આપણું પરમપારિણામિકભાવ સાથે એકત્વ થાય છે ત્યારે પર્યાયનું શું થાય છે ? અર્થાત્ પર્યાય તેમાં શામેલ છે કે નહીં ?

**ઉત્તર:** જ્યારે આપણું શુદ્ધદ્રવ્યાર્થિકનયથી પ્રાપ્ત પરમપારિણામિકભાવથી એકત્વ થાય છે એટલે કે જ્યારે શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે ત્યારે પર્યાય આપોઆપ જ ગૌણ થઇ જાય છે. અર્થાત્ પર્યાય પરમપારિણામિકભાવમાં જ અંતર્ગર્ભિત થઇ જાય છે. આ રીતે અનુભૂતિ હંમેશા અભેદ દ્રવ્યની જ થાય છે, નહીં કે પર્યાયરહિત ભેદની. મતલબ કે ખંડિત દ્રવ્યની. ખંડિત દ્રવ્યની અનુભૂતિ ક્યારેય થતી નથી. કારણ કે તે હોતું જ નથી. હાઁ, તેનો ભ્રમ અવશ્ય થાય છે.

૧૬. **પ્રશ્ન:** કેટલાક લોકો કહે છે કે આત્મા પરને જાણતો નથી અને કેટલાક લોકો કહે છે કે આત્મા સ્વ-પરને જાણે છે અને તે એનો સ્વભાવ છે. જ્યારે

કેટલાક લોકો કહે છે કે આત્મા નિશ્ચયથી સ્વને જ જાણે છે, પરને તો વ્યવહાર(ઉપચાર)થી જ જાણે છે. તો સત્ય શું છે ?

**ઉત્તર:** અપેક્ષાએ પહેલી બન્ને વાતો સાચી છે અને ત્રીજી વાતમાં વ્યવહારને ઉપચાર ન સમજતા તેને ભેદરૂપી વ્યવહાર સમજવો જોઈએ. અપેક્ષાને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતે કોઈ એક વાતને સાચી અને બીજીને જૂઠ્ઠી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય વસ્તુવ્યવસ્થાનું (વસ્તુ-સ્વરૂપનું) જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. આત્માની જાણવાની ક્રિયાની વ્યવસ્થા એવી છે કે આત્મા પરને પોતાના જ્ઞાનના આકારરૂપથી જાણે છે, આ અપેક્ષાએ આત્મા પરને જાણતો નથી. પરંતુ પોતાના જ્ઞેયાકાર ને જ જાણે છે - એમ કહી શકાય છે. વાસ્તવમાં સ્વ-પરને જાણવાનો આત્માનો સ્વભાવ હોવાથી, આત્માનું લક્ષણ હોવાથી, આત્માની ઓળખ હોવાથી, આપણે કહી શકીએ છીએ કે આત્મા સ્વ-પરને જાણે છે. પરને જાણતી વખતે આત્મા પરને સ્વથી ભિન્ન જાણે છે. સ્વયં જ્ઞાનાકારરૂપ થવા છતાં ત્યાં સ્વ-પરનો ભેદ હોવાથી તેને વ્યવહાર કહેવામાં આવે છે (અભેદ એ નિશ્ચય અને ભેદ એ વ્યવહાર), નહીં કે ઉપચાર માત્ર વ્યવહારરૂપ. વસ્તુવ્યવસ્થાને યથાયોગ્ય રીતે સમજીને બધાએ પોત પોતાની ખોટી સમજને દૂર કરી દેવી જોઈએ, એકાંતથી બચવું જોઈએ.

૧૭. **પ્રશ્ન:** કેટલાક લોકો આત્મા પરને જાણતો નથી એમ કહીને પોતાના આત્મામાં જવાની સીડીને જ નકારી દે છે અને માને છે કે આ માન્યતાથી સમ્યગ્દર્શન થઇ જશે. તો શું આ સત્ય છે ?

**ઉત્તર:** આત્માની જાણવાની એવી વ્યવસ્થા છે કે આત્મા પરને પોતાના જ જ્ઞાનના આકારરૂપથી જાણે છે. તે અપેક્ષાએ આત્મા પરને જાણતો નથી પરંતુ પોતાના જ્ઞેયાકારને જ જાણે છે-એમ કહી શકાય છે. આવી વ્યવસ્થા હોવા છતાં જ્યારે આપણે તેને એકાંતે એવો માનીયે છીએ ત્યારે આપણે આપણા આત્મામાં જવાની સીડીને જ નકારી દઈયે છીએ. અજ્ઞાની જીવ

સ્વને તો જાણતો જ નથી એ હકીકત હોવા છતાં જો તે આ માન્યતા રાખશે કે આત્મા પરને જાણતો નથી ત્યારે તે આત્માના લક્ષણને જ નકારી દે છે. અર્થાત્ આત્માના અસ્તિત્વને, આત્માની ઓળખાણને જ નકારી દે છે. આવું માનીને આત્મા કેવી રીતે સમ્યગ્દર્શન એટલે કે આત્માનો અનુભવ કરી શકશે ? અર્થાત્ સમ્યગ્દર્શન પામવાની સંભાવના દુર્લભ અને દુષ્કર જ થઇ જશે. તેથી 'આત્મા પરને જાણતો નથી એવું માનવાથી સમ્યગ્દર્શન થઇ જશે' એ વાત સત્ય નથી.

૧૮. **પ્રશ્ન:** કેટલાક લોકો ક્રમબધ્ધપર્યાયના નિર્ણયને, તેના પ્રત્યેની શ્રદ્ધાને સમ્યગ્દર્શન માને છે. અન્ય કેટલાક લોકો ક્રમબધ્ધપર્યાયને નિયતિવાદ માને છે. તો સત્ય શું છે ?

**ઉત્તર:** ભગવાનના જ્ઞાનમાં ત્રણેય કાળના પર્યાયો ઝળકે છે. તેથી કહી શકાય છે કે તમામ પર્યાયો ક્રમબધ્ધ છે. ત્યારે જ તો તે કેવળીના જ્ઞાનમાં જ્ઞેય બને છે. માત્ર આ જ અપેક્ષાએ ક્રમબદ્ધપર્યાયને સાચી માની શકાય છે. પરંતુ ક્રમબધ્ધપર્યાયની શ્રદ્ધા હોવાથી જ સમ્યગ્દર્શન માનવું બરોબર નથી. કારણ કે સમ્યગ્દર્શન માટે આત્માનુભૂતિ પરમ આવશ્યક છે, નહીં કે ભગવાનના જ્ઞાનનો નિર્ણય. જો આપણે એમ કહીયે કે 'તે પર્યાયો કેવળીના જ્ઞાનના જ્ઞેય બન્યા છે માટે તેમ બનવાના છે'-તો એ આપણી ગેરસમજણ છે. તે પર્યાયો પાંચ સમવાયપૂર્વક એવી જ રીતે બનવાની (ઘટવાની) છે. તેથી જ તો એ કેવળીના જ્ઞાનમાં જ્ઞેય બની છે, બીજા કોઈ કારણથી નહીં. પાંચ સમવાયોમાંથી નિયતિને તો આપણે જાણતા જ નથી. નિયતિ આપણા જ્ઞાનનો વિષય પણ નથી. આપણા હાથમાં એક માત્ર પુરુષાર્થ જ છે, તે જ આપણા ઘરની વાત છે. તેથી આપણા માટે યોગ્ય પુરુષાર્થ કરવો એ જ ઉચિત હશે. કારણ કે ભગવાને શું જોયું છે ? એ આપણને ખબર જ નથી. તેને આપણે અપેક્ષાએ નિયતિ પણ કહી શકીએ, પરંતુ એકાંતે જ ક્રમબધ્ધપર્યાયને માનવો એ જરૂર નિયતિવાદ કહેવાશે. ભગવાને જે પણ

જોયું છે તે વગર પુરુષાર્થે તો થવાનું જ નથી. તેથી આપણે આપણું પૂરું ધ્યાન યોગ્ય પુરુષાર્થ ઉપર જ લગાડવાનું છે, નહીં કે ક્રમબધ્ધપર્યાય ઉપર કે જે આપણને ખબર જ નથી. પૂરા જોશથી યોગ્ય પુરુષાર્થ કર્યા બાદ જે પણ પરિણામ આવે તેનો આપણે જરૂર ક્રમબદ્ધપર્યાય (નિયતિ) માનીને સ્વીકાર કરવાનો છે. ખરેખર તો ક્રમબદ્ધપર્યાય પાંચ સમવાયપૂર્વક જ હોય છે એટલે કે તેમાં પાંચેય સમવાય સમાયેલા છે. ભગવાને પાંચેય સમવાય જોયા છે, પાંચેય સમવાય-પૂર્વક જ પર્યાય હોય છે.

૧૯. **પ્રશ્ન:** 'સમયસાર' ગ્રંથમાં જણાવેલ એકત્વ-વિભક્ત આત્મા એટલે શું ? જ્ઞાનીને શેનાથી એકત્વ, શેનાથી વિભક્ત હોય છે ?

**ઉત્તર:** 'સમયસાર' ગ્રંથમાં એકત્વ-વિભક્ત આત્મા, અજ્ઞાનીને સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) બનાવવા માટે જણાવેલ છે. જ્યારે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ રાગ-દ્વેષરૂપે પરિણમી રહ્યો હોય ત્યારે તે રાગ-દ્વેષરૂપે પરિણમિત જીવમાંથી (પ્રમાણના દ્રવ્યમાંથી) રાગ-દ્વેષને ગૌણ કરતા જ એટલે કે વિભક્ત કરતાં જ જે જીવભાવ (પરમપારિણામિકભાવ) શેષ રહે છે તેમાં જ 'એકત્વ' કરવાનું છે. આ જ સમયસારનો સાર છે. આ જ આત્માની અન્ય યોગ્યતાઓ સહિત સમ્યગ્દર્શનની રીત છે. પરમપારિણામિકભાવમાં એકત્વ અને વિભાવથી વિભક્ત એટલે કે વિભાવને ગૌણ કરવો. વિભક્ત એટલે ભિન્ન નહિ અર્થાત્ તેને પોતાનો ન માનવો - એમ નહીં. પરંતુ તેને એકત્વ કરવા લાયક ન માનવો. કારણ કે તે આત્માનું ત્રિકાળસ્વરૂપ નથી. આ રીતે પોતાના ત્રિકાળસ્વરૂપથી એકત્વ અને ક્ષણિકસ્વરૂપથી વિભક્ત સમજવું જોઈએ.

૨૦. પ્રબુધ્ધ જીવોએ એ સમજવું જોઈએ કે ખીરના વાસણમાં એક ટીપું પણ ઝેરનું પડી ગયું તો એ ખીર ખાવાલાયક રહેતી નથી. આ જ રીતે અધ્યાત્મમાર્ગમાં અસત્ય પ્રરૂપણાના થોડાક ટીપા પણ પડી જાય તો એ માર્ગ સાધક માટે વિષયુક્ત ખીર જેવો ઝેરી બની જાય છે.

૨૧. જ્યારે કોઈ પણ કાર્ય થાય છે તો તેમાં પાંચેય સમવાયોનું યોગદાન હોય છે. મુખ્ય-ગૌણને બદલે એકાંતે કોઈ એક જ સમવાયને એ કાર્યની નિષ્પત્તિનું (સિદ્ધિનું) શ્રેય આપવાથી તે મિથ્યાત્વ જ કહેવાય છે. એકત્ર પાંચેય સમવાયોને કાર્યનિષ્પત્તિનું શ્રેય દેવું એ સમ્યક્ કહેવાય છે.

૨૨. **પ્રશ્ન:** સમયસાર ગ્રંથમાં જણાવ્યા અનુસાર પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ આત્માથી ભિન્ન છે શું ? શું આ બધી આત્માની અવસ્થાઓ નથી ?

**ઉત્તર:** પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઇત્યાદિ અવશ્ય જ આત્માની અવસ્થા-વિશેષ છે. આત્માની અવસ્થા એટલે આત્માનું વર્તમાન અર્થાત્ આત્માનો વિશેષભાવ. કોઈ પણ દ્રવ્ય પોતાના વર્તમાન વગર હોતું નથી. એ રીતે આત્મા પણ પોતાના વર્તમાન સહિત જ હોય છે. તેથી અલબત્ત પાપ (અશુભભાવ), પુણ્ય (શુભભાવ), આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઇત્યાદિ આત્માની જ અવસ્થાઓ હોવાથી આત્મામાં જ છે, આત્માથી ભિન્ન બિલકુલ નથી. આ સમજવું પરમ આવશ્યક છે. સમયસાર ગ્રંથમાં આ બધાને કોઈ કારણ વિશેષથી એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) જીવની અનુભૂતિ સમજાવવા માટે, તથા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની અનુભૂતિ ચકાસી શકે તે માટે તેને આત્માથી ભિન્ન જણાવ્યા છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવને આ બધાથી ભેદજ્ઞાન વર્તે છે અને પરમપારિણામિક ભાવથી એકત્વ હોય છે. આ જ સમયસારનો સાર છે. આત્માની અન્ય યોગ્યતઓ સહિત આ જ સમ્યગ્દર્શનની રીત છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પરમ-પારિણામિકભાવથી એકત્વ કરે છે અને વિભાવથી વિભક્ત એટલે કે વિભાવને ગૌણ કરે છે. વિભક્ત એટલે ભિન્ન નહીં અર્થાત્ તેને પોતાનો ન માનવો એમ નહીં પરંતુ તેને એકત્વ કરવા લાયક ન માનવો. કારણ કે તે આત્માનું ત્રિકાળસ્વરૂપ નથી. આ રીતે પોતાના ત્રિકાળસ્વરૂપથી એકત્વ અને ક્ષણિકસ્વરૂપથી વિભક્ત સમજવો જોઈએ. આ જ સમયસારનો સાર છે.

૨૩. **પ્રશ્ન:** સમયસાર ગ્રંથમાં જણાવ્યા અનુસાર પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઇત્યાદિ આત્માથી ભિન્ન છે. તો શું આપણે મોક્ષ માટે યથાયોગ્ય પુરુષાર્થ કરવાનો જ નથી ?

**ઉત્તર:** પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઇત્યાદિને 'સમયસાર' ગ્રંથમાં કોઈ કારણ વિશેષથી એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્દૃષ્ટિ(આત્મજ્ઞાની)ની અનુભૂતિ સમજાવવા માટે, તથા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની અનુભૂતિ ચકાસી શકે તે માટે તેને આત્માથી ભિન્ન જણાવ્યા છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવને આ બધાથી ભેદજ્ઞાન વર્તે છે અને પરમ-પારિણામિકભાવથી એકત્વ હોય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે આ બધા ત્રિકાળી-આત્માથી ભિન્ન હોવાથી અર્થાત્ ત્રિકાળી-આત્મામાં ન હોવાથી આપણે કિંકર્તવ્યવિમૂઢ બનીને સંસારમાં ભટકવાનું છે. તેથી દરેક પળે અશુભથી બચીને, શુદ્ધના લક્ષે શુભમાં રહીને સૌપ્રથમ આત્મપ્રાપ્તિ માટે અને તેના પછી આત્મસ્થિરતા માટે યથાયોગ્ય પુરુષાર્થ કરવો એ જ આપણું કર્તવ્ય છે. મૂઢમતિ અજ્ઞાની જીવ આ વાત સમજતા નથી. તેથી તેઓ અનાદિથી સંસારમાં ભટકી રહ્યા છે. આપણે આ રહસ્યને સારી રીતે સમજીને નિરંતર યથોચિત પુરુષાર્થ કરતા રહેવો જોઈએ.

૨૪. **પ્રશ્ન:** દ્રવ્યદૃષ્ટિ માં પર્યાયનું શું થાય છે ? શું પર્યાય તેમાં શામેલ છે. ?

**ઉત્તર:** જ્યારે આપણે દ્રવ્યદૃષ્ટિથી જીવને જોઈયે છીએ ત્યારે પર્યાય આપોઆપ જ ગૌણ થઇ જાય છે અર્થાત્ પર્યાય દ્રવ્યમાં અંતર્ગર્ભિત થઇ જાય છે. દ્રવ્ય હંમેશા પોતાના વર્તમાન સહિત જ હોય છે, તે પોતાના વર્તમાન વિના તો પોતાનું અસ્તિત્વ જ ખોઈ બેસશે. એટલે કે તે દ્રવ્ય જ નહીં રહે. તેથી દ્રવ્ય સદાય અભેદ જ હોય છે, નહીં કે પર્યાયરહિત ભેદવાળું એટલે કે ખંડિત દ્રવ્ય નથી હોતું. ખંડિત દ્રવ્ય આકાશકુસુમવત્ જ હોય છે, એટલે કે તે કેવલ ભ્રમ જ હોય છે.

૨૫. **પ્રશ્ન:** પર્યાયદૃષ્ટિમાં દ્રવ્યનું શું થાય છે ? મતલબ કે દ્રવ્ય પર્યાયદૃષ્ટિમાં

શામેલ છે કે નહીં ?

**ઉત્તર:** જયારે આપણે પર્યાયદૃષ્ટિથી જીવને જોઈએ છીએ ત્યારે દ્રવ્ય આપોઆપ જ ગૌણ થઇ જાય છે અર્થાત્ દ્રવ્ય પર્યાયમાં અંતર્ગર્ભિત થઇ જાય છે. પર્યાય એટલે દ્રવ્યનું વર્તમાન, તે દ્રવ્ય વગર કેવી રીતે હોય શકે છે ? ક્યારેય ન હોય શકે. એટલે કે પર્યાય હંમેશા દ્રવ્યની જ હોય છે, નહીં કે દ્રવ્યરહિત ભેદવાળી એટલે કે ખંડિત પર્યાય હોતી નથી. ખંડિત પર્યાય આકાશકુસુમવત્ જ હોય છે, એટલે કે તે કેવળ ભ્રમ જ હોય છે.

૨૬. **પ્રશ્ન:** 'સમયસાર' ગ્રંથમાં આત્માને અકર્તા કહ્યો છે અને આચાર્ય હરિભદ્રસૂરિ રચિત છ પદોમાં આત્માને કર્તા કહ્યો છે. તો સાચી વાત શું છે ?

**ઉત્તર:** અપેક્ષાએ બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર અમુક લોકો એકાંતે એક વાતને સાચી માને છે અને અમુક લોકો એકાંતે બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય નયોનું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. વાસ્તવમાં સંસારી આત્મા પોતાના ભાવકર્મોનો અને પોતાના જ્ઞાનનો કર્તા હોય છે અને મોક્ષમાં આત્મા કેવળ પોતાના જ્ઞાનનો જ કર્તા હોય છે. પરંતુ 'સમયસાર' ગ્રંથમાં કોઈ કારણ વિશેષથી એટલે કે મિથ્યાત્વી જીવને સમ્યગ્દૃષ્ટિ જીવની સ્વાત્માનુભૂતિ સમજાવવા માટે, તથા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની અનુભૂતિ ચકાસી શકે તે માટે તેને અકર્તા જણાવ્યો છે. કારણ કે પરમપારિણામિકભાવ સામાન્યભાવ હોવાથી તે ભાવ પરમ અકર્તા છે. અમૃતચંદ્રાચાર્યે પણ પોતાની સમયસાર ટીકાના શ્લોક ૨૦૫માં અજ્ઞાનીને નિયમથી રાગાદિનો કર્તા જણાવ્યો છે અને જ્ઞાનીને પરમ અકર્તા કહ્યો છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિને કર્તાભાવથી એટલે કે વિશેષભાવથી ભેદજ્ઞાન થવાથી પરમપારિણામિકભાવમાં 'એકત્વ' હોય છે. આ જ સમયસારનો સાર છે આત્માની અન્ય યોગ્યતાઓ સહિત આ જ સમ્યગ્દર્શનની રીત છે.

૨૭. **પ્રશ્ન:** 'સમયસાર' ગ્રંથમાં આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં વિશેષાંતર જાણવા કહ્યું છે. તો એમનામાં વિશેષાંતર શું છે ? તેને જાણવાનું ફળ શું છે ?

**ઉત્તર:** આત્માનો જે ત્રિકાળસ્વભાવ છે તે જ્ઞાનસ્વભાવ છે અને આત્મામાં થવાવાળા ક્રોધાદિ આસ્રવ છે તે આગંતુકસ્વભાવ છે. એટલે કે તે ત્રિકાળ નથી પરંતુ થોડા કાળ માટે જ હોય છે. આત્માનો ત્રિકાળસ્વભાવ દરેક આત્મામાં વિદ્યમાન હોય છે. પરંતુ જે ક્રોધાદિ આસ્રવભાવ છે, તે દરેક આત્મામાં વિદ્યમાન હોતા નથી. બીજી રીતે ક્રોધાદિ આસ્રવ વિશેષભાવ છે અને ત્રિકાળસ્વભાવ સામાન્ય-ભાવ છે. આ છે આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં વિશેષાંતર (=તફાવત), તેને સમજીને આત્માની અન્ય યોગ્યતાઓ સહિત જે જીવનું આત્માના ત્રિકાળસ્વભાવમાં અહં થાય છે ત્યારે તે ક્રોધાદિ આસ્રવ આપોઆપ જ ગૌણ થઇ જાય છે અને તે જીવ સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) બની જાય છે. આ જ આત્મા અને ક્રોધાદિ આસ્રવોનું વિશેષાંતર (=તફાવત) સમજવાનું ફળ છે, આ જ સમયસારનો સાર છે. આ જ આત્માની અન્ય યોગ્યતાઓ સહિત સમ્યગ્દર્શનની રીત છે.

# ૩. સમયસાર વિશે

૧. સમયસાર ગ્રંથમાં કહ્યું છે કે આપણે અનાદિથી બંધકથા અનેક વાર સાંભળી અને સંભળાવી છે, પરંતુ આત્માના ભેદજ્ઞાનની કથા ક્યારેય સાંભળી નથી. કાં આપણે તેના વિશે બિલકુલ વિચાર્યું ન હતું અથવા આપણે તેના વિશે વિપરીત રીતે વિચાર્યું હતું. એટલે કે તત્ત્વના વિચારમાં વિપરીતતા જ જોવા મળી છે. જેમ કે કોઈએ પોતાના આત્માને એકાંતથી શુદ્ધ માન્યો છે અને કોઈએ પોતાના આત્માને એકાંતથી અશુદ્ધ જ માન્યો છે. વાસ્તવમાં, આત્મા દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ છે અને પર્યાયદૃષ્ટિથી અશુદ્ધ છે. અપેક્ષાઓ સમજ્યા વિના, ન તો સમયસાર ગ્રંથ સમજાય એવો છે અને ન તો વ્યક્તિ પોતાનું આત્મકલ્યાણ કરી શકશે. આ જ આપણી અનાદિની કથા છે.

૨. રાગ-દ્વેષની કથા, ભક્તકથા, દેશકથા, શૌર્યકથા, વિકથા વગેરે તો બંધકથા છે જ, પરંતુ જો મોક્ષના ઉદ્દેશ્ય વિના જ્ઞાનાવરણાદિ કર્મોની કથા કરતા હોઈએ તો તેને પણ બંધકથામાં સમાવી શકાય છે કારણ કે જો આપણે એ જાણકારીનો ઉપયોગ આત્મપ્રાપ્તિ એટલે કે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે ન કરીયે તો આપણે અનાદિના દુઃખના વિષચક્રમાંથી મુક્ત થઈ શકતા નથી, એટલે કે, આપણે અનાદિના કર્મોના વિષચક્રમાંથી મુક્ત થઈ શકતા નથી. તેથી, તમામ મુમુક્ષુઓએ પોતાનો સંપૂર્ણ પુરુષાર્થ આત્મપ્રાપ્તિ માટે જ લગાવવો જોઈએ.

૩. સમયસાર ગ્રંથમાં એકત્વ-વિભક્ત આત્મા વિશે વાત કરવામાં આવી છે. એટલે કે વૈરાગ્યાદિ યોગ્યતા-સહિત આત્મસન્મુખતા પ્રાપ્ત કર્યા પછી, શુદ્ધાત્મામાં એકત્વ એટલે કે હુંપણું તથા પુદ્ગલકર્મોથી અને તે કર્મોને કારણે થતા આત્માના ભાવોથી વિભક્ત એટલે કે ભેદજ્ઞાન કરવાનું છે. આમ કરવાથી, યોગ્યતાયુક્ત જીવોને આત્માનુભૂતિ થાય છે. પરંતુ જો

કોઈ વ્યક્તિ આત્માની યોગ્યતા વિના આવો પ્રયાસ અનેક વાર પણ કરે છે તો પણ તેને આત્માનુભૂતિ થતી નથી. તેનાથી વિપરીત, તેને આત્માનુભૂતિનો ભ્રમ થવાની સંભાવના જ વધુ હોય છે.

૪. સમયસાર ગ્રંથમાં પરને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે - એક વર્ણાદિ પુદ્ગલના ભાવ અને બીજા રાગાદિ કર્મોને કારણે થતા જીવના ભાવ. આ બન્નેથી જ્યારે કોઈ જીવ વૈરાગ્યાદિ યોગ્યતા પામીને આત્મસન્મુખતા પ્રાપ્ત કર્યા પછી ભેદજ્ઞાન કરે છે ત્યારે તે આત્માનુભૂતિ પ્રાપ્ત કરી શકે છે. જો કોઈ વ્યક્તિ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા વિના આવો પ્રયાસ અનેક વખત કરે છે તો પણ તેને આત્માનુભૂતિ થતી નથી. તેનાથી વિપરીત, તેને આત્માનુભૂતિનો ભ્રમ થવાની સંભાવના જ વધુ હોય છે.

૫. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે પરમ શુદ્ધ નિશ્ચયનયનો વિષય એવા શુદ્ધાત્માનું જ વર્ણન છે, તેમાં તેને જ આત્મા કહેવામાં આવ્યો છે. બીજા બધા વર્ણાદિ પુદ્ગલના ભાવો અને રાગાદિ જીવોના કર્મોના કારણે થતા ભાવોથી ભેદજ્ઞાન કરાવ્યું છે. પરંતુ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા વિના જો કોઈ વ્યક્તિ અનેક વાર શબ્દો દ્વારા આ ભેદજ્ઞાન કરવાની કોશિશ કરે તો પણ તેને આત્માનો અનુભવ થતો નથી, તેનાથી વિપરીત, તેને આત્માનુભૂતિનો ભ્રમ થવાની સંભાવના જ વધુ હોય છે.

૬. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે જ્ઞાનસામાન્યભાવ એવા જ્ઞાયકને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે. તેથી જ જણાવ્યું છે કે તેમાં પ્રથમથી છઠ્ઠા ગુણસ્થાનક સુધીના પ્રમત્તભાવ કે સાતમાથી ચૌદમા ગુણસ્થાનક સુધીના અપ્રમત્તભાવ નથી. અનેક લોકો તેને પર્યાયરહિત દ્રવ્ય પણ કહે છે, પરંતુ સમજવા જેવી વાત એ છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે વસ્તુ અભેદ હોવાથી તેમાંથી પર્યાયને કાઢવી શક્ય જ નથી પરંતુ પર્યાયને ગૌણ કરવાની છે.

૭. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે જ્ઞાનસામાન્યભાવ એવા જ્ઞાયકને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે. આ અપેક્ષાએ એવું પણ કહેવાય છે કે

આત્મામાં રાગાદિ વિશેષભાવ નથી પરંતુ જો કોઈ જીવ પોતાને એકાંતે રાગાદિરહિત માને છે તો તે મિથ્યાત્વરૂપે પરિણમે છે. તેથી દરેકે તેને જેમ યથાતથ્ય જણાવ્યું છે તેમ જ અનેકાંતથી સમજવું જોઈએ અને માનવું જોઈએ.

૮. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે જ્ઞાનસામાન્યભાવ એવા જ્ઞાયકને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે કારણ કે તેવો જ્ઞાયકભાવ જ આત્માનુભૂતિનો વિષય છે. આત્માનુભૂતિમાં કોઈ પણ વિશેષભાવ ન હોવાથી આત્માનુભૂતિ નિર્વિકલ્પ હોય છે તેને જ સમયસારમાં શુદ્ધનય તરીકે વર્ણવેલ છે. તે શુદ્ધનય પ્રાપ્ત જીવને એટલે કે સમ્યગ્દૃષ્ટિ (જ્ઞાની) જીવને અભેદ શુદ્ધાત્મા જ કે જે શુદ્ધનિશ્ચયનયનો વિષય છે તે ઉપાદેય છે - એમ જણાવેલ છે. તેથી જ જ્ઞાનીને નિશ્ચયનય આલંબન કરવાયોગ્ય છે, જ્યારે અજ્ઞાનીને આત્માનુભૂતિ ન હોવાને કારણે અજ્ઞાનીને વ્યવહારનયનો ઉપદેશ આપવાનું કહેવામાં આવ્યું છે કારણ કે તેને શુદ્ધનયની પ્રાપ્તિ થઈ નથી તેથી તે શુદ્ધનયનું આલંબન લઈ શકતો નથી. તેને વ્યવહારનય ઉપયોગી જણાવેલ છે. આ વાત ન સમજવાને કારણે અનેક ઉપદેશકો અજ્ઞાનીઓને પણ નિશ્ચયનયનો જ ઉપદેશ આપે છે.

૯. સમયસાર ગ્રંથમાં, આત્માને પુદ્‌ગલ કર્મોથી, કર્મોના નિમિત્તે થતા જીવના ભાવકર્મોથી અને નોકર્મોથી ભિન્ન બતાવ્યો છે કારણ કે તે જ જીવ આત્માનુભૂતિનો વિષય છે. પુદ્‌ગલ કર્મ અને નોકર્મ તો આત્માથી ત્રિકાળ ભિન્ન દ્રવ્ય જ છે પરંતુ કર્મોના નિમિત્તે થતા જીવના રાગાદિભાવ તો આત્મામાં જ થાય છે છતાં તે રાગાદિભાવ જીવના ત્રિકાળભાવ નથી અને આત્માનુભૂતિનો વિષય તો જીવનો ત્રિકાળભાવ જ હોય છે, તેથી તે અપેક્ષાએ તે રાગાદિ ભાવકર્મો જીવના નથી - એમ કહ્યું છે. તેથી આ વાત જ્ઞાનીની અપેક્ષાએ જણાવેલ છે, પરંતુ જો કોઈ અજ્ઞાની પણ આત્માનુભૂતિ ન હોવા છતાં શબ્દોમાં એવું બોલવાનું શરૂ કરે છે અને પોતાને એવો શુદ્ધ જ

માનવા લાગે છે તો તે મહામિથ્યાત્વ જ ગણાશે - એ સમજવું પરમ આવશ્યક છે.

૧૦. પુદ્ગલ કર્મ જીવના વિશેષભાવોમાં જ નિમિત્ત બને છે નહીં કે જીવના સામાન્યભાવોમાં અને સમયસાર જેવા ગ્રંથનું હૃદય છે જ્ઞાનસામાન્યભાવ એટલે કે દ્રવ્યાત્મા એટલે કે શુદ્ધાત્મા. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે જીવના તમામ વિશેષભાવોને અનાત્મા કહેવામાં આવ્યા છે. કારણ કે તે વિશેષભાવોથી ભેદજ્ઞાન કરવાથી જ સમયસારરૂપ જ્ઞાનસામાન્યભાવની અનુભૂતિ થાય છે અને સમયસારમાં મુખ્યત્વે સમયસારરૂપ જ્ઞાનસામાન્યભાવની અનુભૂતિ કરવાવાળા જ્ઞાનીનું જ વર્ણન છે. તેથી જ કર્તા-કર્મ અધિકારમાં પણ માત્ર ઉપાદાન અપેક્ષાએ જ કર્તા-કર્મની વાત કરવામાં આવી છે. નિમિત્તને કર્તા તરીકે સ્વીકારવામાં આવ્યું નથી.

૧૧. કર્મો પુદ્ગલ વર્ગણાઓના બનેલા છે, તેથી તે જડ છે, કર્મોના નિમિત્તે થવાવાળા જીવના ભાવ આત્માનું જ પરિણમન હોવાથી તે ચેતન છે અને નોકર્મ એટલે જીવનું શરીર, પત્ની, પુત્ર, પરિવાર, ઘર, મિલકત વગેરે જે જીવને કર્મોને કારણે મળેલા છે તે જડ, ચેતન અથવા મિશ્ર હોય છે. જ્યારે આત્માનુભૂતિ થાય છે ત્યારે આ ત્રણેયથી ભિન્ન શુદ્ધાત્માનો અનુભવ થાય છે. આત્માનુભૂતિ વિના જો કોઈ વ્યક્તિ પોતાને શુદ્ધાત્મા માનવા લાગે તો તેને ભ્રમ થઈ જાય છે, તેને લાગે છે કે પોતે જ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ) છે વાસ્તવમાં તે નિશ્ચયાભાસી હોય છે એટલે કે તેને માત્ર શુદ્ધનયનો ભાસ જ હોય છે અનુભૂતિ નહીં. તેથી બધા મુમુક્ષુઓએ પ્રથમ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા પ્રાપ્ત કરીને આત્મસન્મુખ બનવાનો પ્રયાસ કરવો જોઈએ, પોતાને શુદ્ધાત્મા માની લેવાનો પ્રયાસ કરવો ન જોઈએ કે જેનાથી તે નિશ્ચયાભાસી જ બનશે.

૧૨. જ્યારે કોઈ પણ જીવને આત્માનુભૂતિ થાય છે ત્યારે તેને સામાન્યભાવની એટલે કે દ્રવ્યાત્માની એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ થાય

છે, ત્યારે તે જીવને હુંપણું તે શુદ્ધાત્મામાં સ્થાપિત થાય છે. તે શુદ્ધાત્મામાં જે હુંપણું છે તે અનુભૂતિના કાળે ઉપયોગરૂપે હોય છે અને પછીથી જ્યાં સુધી સમ્યગ્દર્શન રહે છે ત્યાં સુધી તે હુંપણું લબ્ધરૂપે હોય છે. આ રીતે તે જીવને શુદ્ધાત્મામાં હુંપણું ક્યારેક ઉપયોગરૂપે તો ક્યારેક લબ્ધરૂપે હોય છે. જ્યારે તેને શુદ્ધાત્મામાં હુંપણું લબ્ધરૂપે હોય છે ત્યારે તે પર્યાયનો જ્ઞાતા હોય છે. આ રીતે તે જીવને જ્ઞાતાદ્રષ્ટા કહેવાય છે. જો કોઈ વ્યક્તિ આત્માનુભૂતિ વગર પોતાને જ્ઞાતાદ્રષ્ટા માને છે અથવા જ્ઞાતાદ્રષ્ટા હોવાનું ધ્યાન કરે છે, તો તે માત્ર તેનો ભ્રમ જ છે.

૧૩. જ્યારે કોઈ જીવ આત્માનુભૂતિ વિના પોતાને જ્ઞાતાદ્રષ્ટા માને છે અથવા જ્ઞાતાદ્રષ્ટા હોવાનું ધ્યાન કરે છે ત્યારે તે જીવ પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે કારણ કે મિથ્યાદૃષ્ટિને માત્ર પર્યાયનો જ અનુભવ હોય છે, તેને દ્રવ્યનો અનુભવ નથી હોતો. વાસ્તવમાં જો તે અજ્ઞાની આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ કરવા ઇચ્છતો હોય તો તેણે તેના વર્તમાન પરિણામ પ્રત્યે ઉદાસ ન રહેવું જોઈએ પરંતુ તેને સત્યધર્મ સાથે સુસંગત બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ. દાખલા તરીકે જ્યારે આપણને તાવ આવે છે ત્યારે આપણે માત્ર જ્ઞાતાદ્રષ્ટા નથી રહેતા પરંતુ તેની સારવાર કરીએ છીએ. તેવી જ રીતે અજ્ઞાની વ્યક્તિએ પણ પોતાની પર્યાય પ્રત્યે ઉદાસીન ન રહેવું જોઈએ પરંતુ તેને આધ્યાત્મિક માર્ગ સુસંગત બનાવવા યોગ્ય ઉપાય કરવો જોઈએ.

૧૪. તમામ સંસારી જીવોને પોતાના કર્મો અનુસાર જ તમામ સંયોગો મળે છે. તેથી તમામ સંસારી જીવો તેમને કયા સંયોગો મળશે તેમાં પરાધીન છે પરંતુ તેઓ તેમની પ્રતિક્રિયા આપવા માટે સ્વતંત્ર છે તેના કારણે જ જીવ મોક્ષ મેળવી શકે છે. મોક્ષ મેળવવા માટે જીવ અહીંયા જણાવ્યા પ્રમાણે પોતાના પરિણામને આધ્યાત્મિક માર્ગ અનુસારના કરવા માટે યોગ્ય ઉપાય કરી શકે છેઃ જેમ કે - ચાર ભાવના, ધન્યવાદ ! સ્વાગતમ્ ! (Thank you! Welcome!), બાર ભાવના, વગેરે. આ રીતે અજ્ઞાની વ્યક્તિએ

પોતાની પર્યાય પ્રત્યે ઉદાસીન ન રહેવું જોઈએ પરંતુ તેને આધ્યાત્મિક માર્ગ સુસંગત બનાવવા યોગ્ય ઉપાય કરવો જોઈએ, પોતે જ્ઞાતાદ્રષ્ટા હોવાના ભ્રમમાં રહીને મૂઢ બનીને રહેવું ન જોઈએ.

૧૫. ઘણા લોકો જ્ઞાતાદ્રષ્ટા રહેવાનું ધ્યાન કે અભ્યાસ કરે છે. તેઓ જાણતા નથી કે આત્માનુભૂતિ વિના મિથ્યાદ્દષ્ટિને માત્ર પર્યાયનો જ અનુભવ હોય છે, તેથી જ સમયસાર ગ્રંથમાં અજ્ઞાનીને કર્તા અને જ્ઞાનીને અકર્તા જણાવેલ છે. જ્યારે અજ્ઞાની પર્યાયનો કર્તા હોય છે, તો તે પર્યાયનો જ્ઞાતાદ્રષ્ટા કેવી રીતે બની શકે ? ક્યારેય ન બની શકે. તેથી જ અજ્ઞાની માટે જ્ઞાતાદ્રષ્ટા રહેવાનું ધ્યાન અથવા અભ્યાસ ભ્રમમાં લઈ જવાવાળો બને છે અને તે પોતાના પરિણામનો આધ્યાત્મિક માર્ગ અનુસાર યથાર્થ ઉપાય પણ કરી શકતો નથી પરંતુ તે કેવળ મૂઢ જ બનીને રહે છે.

૧૬. આત્માના અનુભવ વિના મિથ્યાદ્દષ્ટિને માત્ર પર્યાયનો જ અનુભવ હોય છે તેથી તે પર્યાયનો કર્તા બને છે. અને જ્ઞાની માત્ર શુદ્ધાત્માનો જ અનુભવ કરે છે તેથી જ્ઞાનીનું હુંપણું પણ તે શુદ્ધાત્મામાં જ હોય છે અને પર્યાયનો તે માત્ર જ્ઞાતાદ્રષ્ટા જ હોય છે કર્તા બનતો નથી. આ રીતે જ્ઞાનીને સ્વાભાવિક રીતે જ જ્ઞાતાદ્રષ્ટાભાવ રહે છે. તેથી અજ્ઞાનીએ જ્ઞાતાદ્રષ્ટા બનવાનો અભ્યાસ નહીં પરંતુ આત્માનુભૂતિ માટે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા પામવાનો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી તે આત્મસન્મુખ થઈને આત્માનુભૂતિ પ્રાપ્ત કરી શકે.

૧૭. જ્ઞાનીનું હુંપણું માત્ર શુદ્ધાત્મામાં જ હોવાથી તે પર્યાયનો જ્ઞાતાદ્રષ્ટા હોય છે કર્તા થતો નથી. તેથી જ જ્ઞાની ને બંધભાવમાં હુંપણું ન હોવાથી જ્ઞાનીને બંધ નથી - એમ કહેવામાં આવ્યું છે. કારણ કે જ્ઞાની બંધભાવની પર્યાયનો કર્તા નથી માત્ર જ્ઞાતાદ્રષ્ટા જ છે. જ્યારે અજ્ઞાનીને માત્ર પર્યાયનો જ અનુભવ હોવાથી તેનું હુંપણું પણ પર્યાયમાં જ હોય છે તેથી જ તે પર્યાયનો કર્તા થાય છે એટલે કે તે બંધનો પણ કર્તા થાય છે.

૧૮. અનાદિથી મારી ભૂલને કારણે જ હું સંસારમાં ભટકી રહ્યો છું. અનાદિથી મેં ક્યારેય મારી સ્વતંત્રતાનો ઉપયોગ મારા આત્માના ઉત્થાન માટે કર્યો નથી. તેથી એમ કહી શકાય કે મારા સંસાર અને મોક્ષ માટે હું પોતે જ જવાબદાર છું. આ સમજણ આવ્યા પછી, હવે બધા મુમુક્ષુઓએ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા પ્રાપ્ત કરીને આત્મસન્મુખ થઈને આત્માનુભૂતિ મેળવવાનો જ પુરુષાર્થ કરવો જોઈએ.

૧૯. જ્ઞાનીને આદર એકમાત્ર શુદ્ધભાવનો જ હોય છે એટલે કે કેવળ શુદ્ધાત્મામાં જ રહેવાનો અભિપ્રાય હોય છે પરંતુ જ્યાં સુધી તે શુદ્ધાત્મામાં રહી શકતો નથી ત્યાં સુધી તે શુભભાવમાં રહે છે. જ્યારે અજ્ઞાનીને હજુ સુધી શુદ્ધભાવની અનુભૂતિ જ નથી પરંતુ તેણે પણ લક્ષ્ય તો શુદ્ધભાવનું જ રાખવું જોઈએ અને જ્યાં સુધી તેને તે શુદ્ધભાવની અનુભૂતિ ન થાય ત્યાં સુધી તેણે પણ રહેવું તો શુભભાવમાં જ જોઈએ. આ સમજણ ન હોવાને કારણે અનેક અજ્ઞાની જીવો શુભ અને અશુભને એકસમાન માનીને અશુભમાં કોઈપણ અફસોસ વગર મજા લેતા રહે છે કે જે તેમના અનંત સંસારનું કારણ બને છે.

૨૦. સમયસાર ગ્રંથની ટીકામાં આચાર્ય અમૃતચંદ્ર જણાવે છે કે આત્મજ્ઞાનના અભાવમાં શુદ્ધાત્માની શ્રદ્ધા તે ન જાણેલા ગધેડાના શિંગડાની શ્રદ્ધા સમાન હોવાથી તે શ્રદ્ધા સમ્યક્ શ્રદ્ધા હોતી નથી. એટલે કે તે શ્રદ્ધા કલ્પના માત્ર જ હોય છે. તેથી આત્મપ્રાપ્તિ થતી નથી, સાધ્ય આત્માની પ્રાપ્તિ થતી નથી. આવું હોવા છતાં અનેક ઉપદેશકો અજ્ઞાનીઓને પણ ''હું શુદ્ધાત્મા છું'' એમ માનવાનું કહે છે અથવા જાપ કરવા કહે છે અથવા ધારણા કરવાનું કહે છે અથવા નિર્ણય કરવાનું કહે છે. આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા વિના અને આત્મસન્મુખતા પ્રાપ્ત કર્યા વિના આત્મજ્ઞાન થતુ નથી કારણ કે ત્યાં સુધી જીવ બહિરાત્મા જ છે અને બહિરાત્માને આત્માનુભૂતિ થતી નથી.

૨૧. જ્યાં સુધી જીવને આત્મજ્ઞાન ન હોય ત્યાં સુધી તે જીવને શુદ્ધાત્માનું અનુભવયુક્ત જ્ઞાન હોતું નથી, તેને માત્ર શાબ્દિક જ્ઞાન જ હોય છે. આપણે શુદ્ધાત્માનું શાબ્દિક જ્ઞાન તો અનેક વાર મેળવ્યું છે, પરંતુ જો શુદ્ધાત્માનું અનુભવયુક્ત જ્ઞાન ન મેળવીએ તો આપણે મોક્ષમાર્ગમાં પ્રવેશી શકતા નથી. શાબ્દિક જ્ઞાનથી તો જીવ અનેક વાર છેતરાય જાય છે, તેને લાગે છે કે તેણે આત્મા પ્રાપ્ત કર્યો છે પરંતુ વાસ્તવમાં તે માત્ર નિશ્ચયાભાસરૂપ ભ્રમમાં જ હોય છે.

૨૨. સંસારમાં ડૂબેલા જીવો જેને સુખ માને છે તે વાસ્તવમાં તો દુઃખ જ છે કારણ કે એ સુખ (સુખાભાસ) પણ દુઃખપૂર્વક જ હોય છે, એ સુખ માણતી વખતે પણ આકુળતાનું દુઃખ હોય છે, એ સુખ ભોગવ્યા પછી પણ તેના અભાવનું દુઃખ હોય છે અને તે સુખ ભોગવતી વખતે બંધાએલા પાપોને લીધે ભવિષ્યમાં પણ દુઃખ આવે છે. આવા સુખને આપણે સુખ કેવી રીતે માની શકીએ ? માની શકતા નથી. તેથી તમામ મુમુક્ષુઓએ સાચા સુખની શોધ કરવી જોઈએ. તેના માટે સૌ પ્રથમ તેઓએ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાપૂર્વક આત્મસન્મુખતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી તેમને આત્માનુભૂતિ અને સાચા સુખની પ્રાપ્તિ થઈ શકે.

૨૩. અનાદિ કાળથી આપણે સુખાભાસને જ સુખ માનતા આવ્યા છીએ, જેમ મૃગજળની પાછળ હરણ દોડે છે, તેવી જ રીતે આપણે પણ સુખાભાસની પાછળ દોડીએ છીએ. બદલામાં આપણને અનંત દુઃખમય સંસાર જ મળે છે. તેથી, હવે આપણે આ સુખાભાસને ઓળખીને તેની પાછળ દોડવાનું બંધ કરવું જોઈએ અને સાચા સુખની શોધ કરવી જોઈએ. તેના માટે સૌ પ્રથમ આપણે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાપૂર્વક આત્મસન્મુખતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ, જેથી આપણે આત્માનુભૂતિ અને સાચા સુખની પ્રાપ્તિ કરી શકીએ.

૨૪. જાણવું અને જોવું એ આત્માનું લિંગ છે, એટલે કે આત્માની ઓળખ છે, પરંતુ જાણવા-જોવાની ક્રિયા આત્માના વિશેષભાવમાં જ થાય છે, સામાન્યભાવમાં નહીં અને આત્માનુભૂતિનો વિષય માત્ર સામાન્યભાવ જ હોય છે, તેથી જ આત્માનુભૂતિમાં જે શુદ્ધાત્મા આવે છે તેને સમયસારમાં અલિંગગ્રાહ્ય કહ્યો છે. કારણ કે સમયસારમાં મુખ્યત્વે આત્માનુભૂતિના વિષયરૂપ શુદ્ધાત્માને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે.

૨૫. જીવ અને શરીર, વર્ણાદિનો એકક્ષેત્રાવગાહસંબંધ હોય છે પણ તાદાત્મ્યસંબંધ નથી હોતો કારણ કે બંને થોડો સમય તો સાથે રહે છે પણ તે ક્યારેય ત્રિકાળ સાથે રહેતા નથી. અભવ્ય જીવોના શરીરના પુદ્‌ગલો પણ બદલાતા રહે છે, એટલે કે તે અનન્ય નથી બનતા. એકમેવાદ્વિતીય નથી બનતા.

૨૬. જીવ અને પુદ્‌ગલનો અનાદિ કાળથી સંબંધ છે, તેથી જ અનેક શાસ્ત્રોમાં જીવને કથંચિત રૂપી પણ કહેવામાં આવ્યો છે. કારણ કે જો જીવ એકાંતે અરૂપી જ હોત તો તેનો પુદ્‌ગલ સાથે અનાદિબંધ કેવી રીતે હોઈ શકે ? એ અનાદિબંધની અપેક્ષાએ જીવને કથંચિત અરૂપી અને કથંચિત રૂપી પણ કહેવાય છે - એ સમજવું આવશ્યક છે.

૨૭. જીવના એકેન્દ્રિયાદિ, બાદર-સુક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત વગેરે ભેદ જણાવ્યા છે તે જીવના કેવળ વિશેષભાવ જ છે. તેનાથી જીવની વર્તમાન સ્થિતિ, ગતિ વગેરે જણાવવામાં આવે છે. પરંતુ એ બધા આત્માનુભૂતિનો વિષય એવા શુદ્ધાત્મામાં નથી હોતા કારણ કે શુદ્ધાત્મા એ સામાન્યભાવસ્વરૂપ જ છે અને એ બધા જીવના વિશેષભાવો છે. તેથી જ સમયસાર ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે એ બધા જ આત્મા નથી કારણ કે સમયસારમાં મુખ્યત્વે આત્માનુભૂતિનો વિષય એવા શુદ્ધાત્માને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે.

૨૮. સમયસાર ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે ગુણસ્થાનકોની રચના પૌદ્ગલિક મોહકર્મના ઉદયથી થાય છે, તો તે જીવ કેવી રીતે હોઈ શકે કારણ કે જો તેઓ અચેતન કર્મોનું કાર્ય છે તો તે અચેતન જ હોવા જોઈએ, ખરું ને ? જીવનો પૌદ્ગલિક મોહકર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કારણ-કાર્ય સંબંધ નથી, તેથી જ્યારે જીવ તેની યોગ્યતાને કારણે ગુણસ્થાનરૂપે પરિણમે છે ત્યારે તે પૌદ્ગલિક મોહકર્મ નિમિત્ત બને છે. પરંતુ ગુણસ્થાનક વિશેષભાવ હોવાને કારણે આત્માનુભૂતિનો વિષય એવા શુદ્ધાત્મામાં નથી કારણ કે તે શુદ્ધાત્મા સામાન્યભાવરૂપે જ હોય છે અને ગુણસ્થાનક એ જીવનો વિશેષભાવ છે. તેથી જ સમયસાર ગ્રંથમાં એવું કહેવામાં આવ્યું છે કે ગુણસ્થાનક એ આત્મા નથી કારણ કે સમયસારમાં મુખ્યત્વે આત્માનુભૂતિનો વિષય એવા શુદ્ધાત્માને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે.

૨૯. સમયસાર ગ્રંથમાં કહ્યું છે કે જ્યાં સુધી કોઈ જીવ, આત્મા અને આસ્રવ વચ્ચેનો તફાવત જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની ક્રોધાદિક આસ્રવમાં પ્રવર્તે છે. આપણે અનેક વાર શબ્દોમાં તો આત્મા અને આસ્રવ વચ્ચેનો તફાવત જાણ્યો છે પરંતુ શુદ્ધાત્માની અનુભૂતિપૂર્વક આત્મા અને આસ્રવ વચ્ચેનો ભેદ જાણ્યો નથી, તેથી જ આપણે અનાદિથી આ સંસારમાં ભટકી રહ્યા છીએ. જો શબ્દોમાં જ આત્મા અને આસ્રવ વચ્ચેનો તફાવત જાણી લેવાથી આપણી મુક્તિ થઈ જતી હોત તો આપણે અત્યારે અહીંયા ન હોત, આપણે સિદ્ધ બની ગયા હોત. તે માટે આપણે સૌ પ્રથમ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાપૂર્વક આત્મસન્મુખતા પામવાનો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી આત્માનુભૂતિ દ્વારા આપણે આત્મા અને આસ્રવ વચ્ચેનો ભેદ જાણીને ક્રોધાદિ આસ્રવથી મુક્ત થઈ શકીએ.

૩૦. વ્યવહારથી ભગવાને ચાર શરણ બતાવ્યા છે - અરિહંત, સિદ્ધ, સાધુ અને સત્યધર્મ અને નિશ્ચયથી જેણે પોતાના આત્માને પ્રાપ્ત કર્યો છે તેમના

માટે પોતાનો શુદ્ધાત્મા. અનેક લોકો પુણ્યને જ ધર્મ માને છે, પરંતુ આત્માનુભૂતિના લક્ષ વિનાનું પુણ્ય જીવને ભવ-ભ્રમણમાંથી મુક્ત કરાવી શકતું નથી. તેથી, આપણે પુણ્યને શરણ ન માની શકીએ, પરંતુ આત્માનુભૂતિના લક્ષપૂર્વક બંધાયેલું પુણ્ય મોક્ષમાર્ગમાં ચોક્કસપણે મદદ કરી શકે છે.

૩૧. અનાદિથી જીવને એક બાજુ ઊંડી ખાઈ છે અને બીજી બાજુ મોક્ષમહેલ છે. એક બાજુ ખાઈવાળો ઢોળાવ હોવાના કારણે અનાદિથી જીવ આ સંસારરૂપી ખાઈમાં ફસાઈને અનંત દુઃખો ભોગવી રહ્યો છે. હવે તે જીવે નક્કી કરવાનું છે કે તેને શું જોઈએ છે? એક બાજુ અનંત દુઃખ છે અને બીજી બાજુ અનંત સુખ છે. જીવ અનાદિથી સુખ તો ઈચ્છે છે, પરંતુ પુરુષાર્થ સંસાર માટે જ કરતો રહે છે, તેથી તેને અનંત દુઃખ જ મળે છે. તે અનંત દુઃખોથી મુક્ત થવા માટે પહેલા તેને સંસારનું સત્યસ્વરૂપ સમજવું જોઈએ અને પોતાના બહિરાત્મપણાને દૂર કરીને વૈરાગ્યપૂર્વક આત્મસન્મુખતા પ્રાપ્ત કરીને આત્માનુભૂતિ કરવી જોઈએ.

૩૨. અનાદિથી જીવ સુખને બહાર શોધે છે, પણ જીવનું સુખ જીવની બહાર કેવી રીતે હોઈ શકે? જેમ કસ્તૂરી મૃગ કસ્તૂરીને બહાર શોધે છે, તેમ જીવ પણ પોતાના અંદર રહેલા સુખને બહાર શોધે છે. જેમ કૂતરો હાડકું ચાવે છે ત્યારે તે હાડકાના કારણે નિકળેલા પોતાના લોહીને હાડકામાંથી આવેલું લોહી સમજે છે, તેમ જીવ પણ અનાદિથી અંદરના સુખને બહારથી મળતું સુખ માને છે અને વિષયો પાછળ દોડીને પોતાનો અનંતકાળ દુઃખમય બનાવી દે છે. આ જ આપણી અનાદિની કથા છે.

૩૩. જીવ ચેતન છે અને કર્મ પુદ્ગલ અચેતન છે. પરંતુ અનાદિથી બંનેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો છે કે કર્મ કદી પણ જીવને અચેતન કરી શકતા નથી, પરંતુ તે જીવના અનંત દુઃખોના નિમિત્ત અવશ્ય બની શકે છે અને એ જ અનાદિથી થઈ રહ્યું છે. કર્મ એટલે જીવના ભૂતકાળના ભાવ, તે

જ અજ્ઞાનયુક્ત ભાવ જીવના અનંત દુઃખોના નિમિત્ત બની જાય છે. તેથી કર્મોને દોષ ન આપતા પોતાના સત્યધર્મના પુરુષાર્થને વધારવો એ જ દુઃખોથી મુક્ત થવાનો સાચો ઉપાય છે.

૩૪. કાર્ય હંમેશા ઉપાદાન સદ્દશ જ હોય છે. જેવું ઉપાદાન હોય છે, તેવું જ કાર્ય હોય છે. જેમ સોનાના દાગીના હશે તો તે સ્વર્ણમય જ હશે અને લોખંડથી બનશે તો તે લોહમય જ હશે. તેવી જ રીતે જ્ઞાનના બધા ભાવ પણ જ્ઞાનમય જ હોય છે, પરંતુ આ તો અજ્ઞાનીની સમજણની વિપરીતતા છે કે જે જ્ઞાન પાસે પણ એવા કાર્ય કરાવે છે કે જેથી તેનું અનંત ભવિષ્ય દુઃખમય થઈ જાય.

૩૫. નય વિકલ્પોમાં લાગે છે અને આત્માનુભૂતિ નિર્વિકલ્પ હોય છે. અન્ય શબ્દોમાં કહીએ તો વિકલ્પ જીવના વિશેષભાવ છે, તેથી નય વિશેષભાવમાં જ લાગે છે અને આત્માનુભૂતિનો વિષય જીવનો સામાન્યભાવ હોય છે, તેથી તે નિર્વિકલ્પ હોય છે. આ જ કારણે આત્માનુભૂતિ સામાન્યભાવની હોવાથી નિર્વિકલ્પ એટલે કે નયાતીત હોય છે.

૩૬. પાપ અને પુણ્ય ઘણી અપેક્ષાથી સમાન હોવાથી તેમને સમયસાર ગ્રંથમાં એકસમાન કહ્યા છે. જેમ પાપ અને પુણ્ય બન્ને આસ્રવ અપેક્ષાએ સમાન છે કારણ કે બન્ને આસ્રવ છે, બન્ને બંધ અપેક્ષાએ પણ સમાન છે કારણ કે બન્નેનો આત્મા સાથે બંધ થાય છે અને બન્નેય આત્માસ્વભાવથી વિપરીતતાની અપેક્ષાએ પણ સમાન છે કારણ કે તે જીવના ત્રિકાલસ્વભાવ નથી, તેથી ઉપાદેય નથી અને જીવના પાપ-પુણ્યના ભાવો જીવને સ્વભાવસ્થિરતામાં પણ અવરોધક બને છે. આ સમજણથી વિપરીત અર્થ ગ્રહણ કરીને, એટલે કે પાપ અને પુણ્યને સમાનરૂપે હેય માનીને જો કોઈ પુણ્યને છોડી પાપમાં રહે છે, તો તે અનંત કાળ માટે દુઃખોને આમંત્રણ આપે છે. આ જ સમજણની વિપરીતતા છે, આ જ આપણી અનાદિની કથા છે.

૩૭. અનેક લોકો સમયસાર ગ્રંથમાં દર્શાવવામાં આવેલા જ્ઞાનીને સાતમા ગુણસ્થાનકસ્થિત માને છે. તેમને એ વિચારવું જોઈએ કે આચાર્ય કુંદકુંદ ચતુર્થ ગુણસ્થાનકવર્તી સમ્યગ્દ્રષ્ટિને અજ્ઞાની શા માટે કહે ? આ જ કારણે સમયસાર ગ્રંથમાં જ્યાં પણ જ્ઞાનીની વાત કરવામાં આવી છે, ત્યાં ચતુર્થાદિ ગુણસ્થાનકવર્તી જીવ સમજવા જોઈએ.

૩૮. અનેક લોકો શુદ્ધોપયોગને જ શુક્લધ્યાન માને છે કે જે આઠમા ગુણસ્થાનકથી જ થાય છે. હકીકતમાં શુદ્ધોપયોગ એ સમ્યકજ્ઞાન છે, તેથી તે ચતુર્થાદિ ગુણસ્થાનકવર્તી જીવને આત્માનુભૂતિના કાળે હોય છે.

૩૯. જે પણ ઉપદેશક સમયસાર ગ્રંથના ઉપર પ્રવચન આપતા હોય છે, તેઓ સામાન્ય રીતે સમયસારરૂપ ધ્યેયનું તો સારી રીતે વર્ણન કરે છે, સમજાવે છે. પરંતુ પ્રાયઃ તેઓ તે ધ્યેયને મેળવવાના માર્ગ વિશે તો અજાણ જ હોય છે અથવા લોકોને સમજાવતા નથી. કારણ કે જ્યારે કોઈ પણ મુમુક્ષુ વૈરાગ્યાદિ યોગ્યતાઓને પામી ઇચ્છાઓનો નાશ કરીને આત્મસન્મુખ બને છે, ત્યારે તેને સમયસારરૂપ આત્મા સહજ રીતે જ અનુભવમાં આવે છે, આ જ રીત છે સમયસારને પામવાની, એટલે કે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાની.

૪૦. અનેક લોકો સમયસારમાં જણાવવામાં આવેલ સ્વસમય જીવને સાતમા ગુણસ્થાનકસ્થિત જીવ માનતા હોય છે. આ સમજ સમયસારમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્થિત જીવને સ્વસમય કહેવામાં આવ્યા છે તેના કારણે બનેલ છે. પરંતુ અહીંયા માત્ર સામાન્યભાવની જ વાત કરેલ છે, નહીં કે વિશેષભાવની એટલે કે પર્યાયની એટલે કે ચારિત્રની કારણ કે સમયસારમાં ફક્ત સામાન્યભાવને જ એટલે કે દ્રવ્યાત્માને જ આત્મા કહેવામાં આવ્યો છે કે જેમાં બધા જ ગુણો હાજર છે. તે બધા ગુણોમાંથી મુખ્ય ત્રણ ગુણો લઈને અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્થિત જીવને સ્વસમય કહેવામાં આવ્યો છે. તે દ્રવ્યાત્મામાં જે જીવ સ્થિત હોય છે તેને જ સ્વસમય જીવ કહેવામાં આવ્યો છે તેથી તેને ચતુર્થાદિગુણસ્થાનકસ્થિત જીવ માનવો જોઈએ. બીજું,

સમયસારમાં અનેક જગ્યાએ સ્વસમય જીવને જ જ્ઞાની તરીકે પણ વર્ણવ્યો છે તો આપણે એ પણ વિચારવું જોઈએ કે આચાર્ય કુંદકુંદ ચતુર્થ ગુણસ્થાનકવર્તી સમ્યગ્દષ્ટિ જીવને અજ્ઞાની કેમ કહે ? તેથી જ સમયસાર ગ્રંથમાં જ્યાં પણ જ્ઞાનીની અથવા સ્વસમયસ્થિત જીવની વાત છે, ત્યાં ચતુર્થાદિગુણસ્થાનકવર્તી જીવ સમજવા જોઈએ.

૪૧. સમયસાર ગ્રંથની સાતમી ગાથામાં જણાવ્યું છે કે ''શુદ્ધ જ્ઞાયકમાં ન જ્ઞાન છે, ન દર્શન છે અને ન તો ચારિત્ર પણ છે.'' શુદ્ધ જ્ઞાયકભાવ એ જ્ઞાનીની અનુભૂતિનો વિષય છે. શુદ્ધ જ્ઞાયકભાવ જ્ઞાનસામાન્યભાવ છે, પરમપારિણામિકભાવ છે, દ્રવ્યાત્મા છે. તેથી તેમાં પર્યાય પણ ગૌણ છે અને ગુણોના ભેદરૂપ વ્યવહાર પણ નથી, પરંતુ તેમાં સર્વ ગુણો અવશ્ય વિદ્યમાન છે. તેથી જ કહી શકાય કે ચતુર્થાદિગુણસ્થાનકે શુદ્ધાત્માની અનુભૂતિ હોય છે અને તેમાં સર્વ ગુણો વિદ્યમાન હોવાથી તે જીવ સ્વસમય કહેવાય છે, સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

# આત્માનુભૂતિનો માર્ગ

જ્યારે કોઈ જીવ વૈરાગ્યાદિ યોગ્યતાઓ પ્રાપ્ત કરે છે, ત્યારે જ તે આત્મસન્મુખ બને છે. આત્મસન્મુખ થયા પછી જ તે આત્માનુભૂતિ કરી શકે છે. એ સમયે તેનું ''હુંપણું'' જ્ઞાનસામાન્યભાવરૂપી શુદ્ધાત્મામાં જ હોય છે. આવો જીવ સમ્યગ્દષ્ટિ - એટલે કે જ્ઞાની - કહેવાય છે.

વૈરાગ્યાદિ યોગ્યતાઓના અભાવે આત્મા પરસન્મુખ અથવા બહિરાત્મા જ રહે છે. જયાં સુધી પરમાં સુખબુદ્ધિ હોય છે, ત્યાં સુધી જીવને આત્માનુભૂતિ થતી નથી. બહિરાત્મા જીવને એવો ભ્રમ હોય છે કે સુખ પરમાંથી આવે છે. તેથી એ પરવસ્તુ કે પરવ્યક્તિની પાછળ દોડતો રહે છે અને ઈચ્છિત પરવસ્તુ/પરવ્યક્તિ મળ્યા પછી તેના મોહપાશમાં બંધાઈને જ જીવે છે.

જો કોઈ એવું સુખ ઈચ્છતા હોય કે જે કદી ખૂટે નહીં - જે અવ્યાબાધ, શાશ્વત અને નિત્ય હોય - તો તે માત્ર આત્માનુભૂતિથી જ શક્ય છે. આત્માનુભૂતિ વિના મોક્ષમાર્ગમાં પ્રવેશ જ થતો નથી અને આત્મપ્રાપ્તિ વિના અનંત અવ્યાભાધ સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ જ અશક્ય છે.

માત્ર આત્મપ્રાપ્તિના લક્ષ્યથી વૈરાગ્યપ્રાપ્તિ માટે બાર ભાવના, ચાર ભાવના, ધર્મધ્યાન વગેરે કરવું જોઈએ અને પોતાને જાતે તપાસતા રહેવા જોઈએ.

આત્મપરીક્ષણ માટે પોતાને આ પ્રશ્નો પૂછવા જોઈએ:

મને શું અતિ પ્રિય લાગે છે ?

કઈ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે મને મોહ કે મૂર્છા છે ?

મારી તીવ્ર ઈચ્છાઓ શું છે ?

એવું શું છે કે જેના વિના હું જીવી શકતો નથી ?

આ પ્રશ્નોથી સ્પષ્ટ થઈ જશે કે પોતાની બહિર્મુખતા કે પરસન્મુખતા કેટલી છે.

પછી આ બહિર્મુખતાનો ઉપચાર - બાર ભાવના આદિના અભ્યાસથી - કરતા કરતા પોતાના અભિપ્રાયને આત્મસન્મુખ બનાવતા રહેવો, એજ આત્માનુભૂતિનો માર્ગ છે.

- જયેશ મોહનલાલ શેઠ

આધ્યાત્મિક વિકાસ માટે વિઝિટ કરવું
www.jayeshsheth.com

**મૈત્રી ભાવના** - સર્વ જીવો પ્રત્યે મૈત્રી ચિંતવવી, મારો કોઈ જ દુશ્મન નથી એમ ચિંતવવું, સર્વ જીવોનું હિત ઈચ્છવું.

**પ્રમોદ ભાવના** - ઉપકારી તથા ગુણી જીવો પ્રત્યે, ગુણ પ્રત્યે, વીતરાગ ધર્મ પ્રત્યે પ્રમોદભાવ લાવવો.

**કરુણા ભાવના** - અધર્મી જીવો પ્રત્યે, વિપરીતધર્મી જીવો પ્રત્યે, અનાર્ય જીવો પ્રત્યે કરુણાભાવ રાખવો.

**મધ્યસ્થ ભાવના** - વિરોધીઓ પ્રત્યે મધ્યસ્થભાવ રાખવો.

તમારા જીવનમાં સમ્યગ્દર્શનનો સૂર્યોદય થાય, અને તેના પ્રકાશથી તમને અવ્યાબાધ સુખરૂપ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તી થાય - એજ અમારી અંતરાત્મામાંથી ઉદભવેલ મંગલમય ભાવના છે.

JSBN

ISBN

ISBN 978-93-343-7442-1
9 789334 374421